Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૧૬ • તા. ૧૭ એપ્રિલ ૨૦૧૭ થી ૨૩ એપ્રિલ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

સુવર્ણ મહોત્સવી વર્ષીતપ સમાપન ઉત્સવ
અનંત નાથજી જિનાલય (અનંત છાયા)
**પ્રાણ પ્રતિષ્ઠા** અને **મુમુક્ષુ ભાવિ**ની દીક્ષાને
નિશ્રા આપવા મુંબઈ પધારેલા અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી**
**મ.સા.** સહ સર્વે અચલગચ્છીય આચાર્યોનું
મહાનગરના પ્રવેશદ્વાર સમ મુલુંડ નગરે
ભવ્યાતિભવ્ય સામૈયું થયું હતું.



## અભિનંદન

જૈન ઇન્ટરનેશનલ ઓર્ગનાઈઝેશન (જીયો)ની CA પાંખનો પ્રથમ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિના ભિષ્મ પિતામહ અને ૧૯૩૫માં સ્થપાયેલ સંભવતા સૌપ્રથમ જૈન CA ફર્મ મેસર્સ ખીમજી કુંવરજી એન્ડ કું.ના **શ્રી શિવજી કુંવરજી વિકમશી** (રાણપુર-લાલબાગ)ને પ્રાપ્ત થયો.





મેળવો સર્વોચ્ચ સિદ્ધિ ને બની રહો....
જ્ઞાન-ધ્યાનના જ્યોતિર્ધર !

– પ્રકાશ સમીક્ષા સમિતિ

## મુમુક્ષુ ભાવિબેનની દીક્ષાને અવિસ્મરણીય બનાવવા ક.દ.ઓ. જ્ઞાતિમાં ઉમંગનું વાતાવરણ



મુમુક્ષુ
કુ. ભાવિબેન
માતા : હિનાબેન
પિતા : રાજેન
દાદી : માનબાઈ



**લહેરચંદ લક્ષ્મીચંદ લોડાયા** (સાંયરા-અનંતછાયા-ઘાટકોપર)ની ભગવતિ દીક્ષાને અવિસ્મરણીય બનાવવા સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિમાં ઉમંગનું વાતાવરણ સર્જાયું છે.

આ દીક્ષા મહોત્સવ શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘના આયોજનમાં તથા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના સહયોગથી શનિવાર, તા. ૨૨-૪-૨૦૧૭ના પ્રવજ્યા તીર્થ સોમૈયા ગ્રાઉન્ડ નં. ૪-૫, એમ.જી. રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૭૭ ખાતે ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા ગચ્છના બધા આચાર્યોની નિશ્રામાં યોજાશે. સ્વાધ્યાય પ્રેમી બા.બ્ર. પૂ. સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. સા. શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા. પાસે ધર્મજ્ઞાન પામેલા ભાવિબેન પ.પૂ.સા.શ્રી. ચારૂલતાશ્રીજી મ.સા.ના પરિવારમાં જીવન સમર્પિત કરશે.

આ નિમિત્તે શનિવાર, તા. ૧૫-૪-૧૭ના શ્રી સિદ્ધચક્ર મહાપૂજન અને શ્રી મહાકાલી માની ભાવના યોજાયા હતા. રવિવાર, તા. ૧૬-૪-૧૭ના ઘાટકોપર નગરે પધારેલા પૂજ્યશ્રીઓનું સામૈયું કરવામાં આવ્યું. તે દિવસે બપોરે મહેંદી રસમ અને સાંજે સંગીત સંધ્યા યોજાઈ હતી. સોમવાર, ૧૭-૪-૧૭ના દીક્ષાની છાબનો શણગાર તથા ધવલ વસ્ત્રો પર શુકન છાંટણાં થયા.

ગુરૂવાર તા. ૨૦-૪-૧૭ના અનંતનાથજી જિનાલય - અનંત છાયા, ઘાટકોપર ખાતે સવારે પ્રભુજીના દીક્ષા કલ્યાણકની ઉજવણી સહ કુ. ભાવિબેનના વર્ષિદાનનો વરઘોડો નીકળશે. સાંજે સોમૈયા ગ્રાઉન્ડમાં કુ. ભાવિબેનનો સન્માન સમારોહ ઉજવાશે. શુક્રવાર તા. ૨૧-૪-૧૭ના બપોરે મુમુક્ષુના નિવાસે અંતીમ વાયણા અને સાંજે સોમૈયા ગ્રાઉન્ડ પર અંતીમ વિદાય અપાશે. દીક્ષા વિધિ શનિવાર, તા. ૨૨-૪-૧૭ના થશે.

અનુસંધાન સમાચાર વિભાગમાં

# Vadodara's K.D.O. Rising Star Shri Nishit Dand
# વડોદરાના ક.દ.ઓ. તેજસ્વી તારલા શ્રી નિશિથ દંડ







ઘણી બધી બાબતોમાં પ્રથમ હોવાનું માન મેળવનારા વડોદરાના જ નહીં સમસ્ત કચ્છી દશા ઓસવાલ સમાજના અગ્રણી નિશિથભાઈ દંડ પ્રેરણાદાયી વ્યક્તિત્વના ધણી તથા અનેક સિધ્ધિઓને વરેલા છે.

તેમણે ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગનાઈઝેશન (ઇસરો)ના આગામી સમાનવ અવકાશ ઉડ્ડયન કાર્યક્રમ માટે સલામતી ભર્યો અવકાશયાત્રી પહેરવેશ તૈયાર કરીને 'સ્પેસ સ્યુટ મેન'નું બિરૂદ મેળવ્યું છે.




તેઓ ટેકનોલોજીના નિષ્ણાત તરીકે ઓઈલ એન્ડ ગેસ, પેટ્રોલિયમ, કેમિકલ અને ફર્ટીલાઈઝર, ફાર્માસ્યુટીકલ, ટેક્સટાઈલ તથા દરેક પ્રકારના ઉદ્યોગોમાંની જોખમી પ્રવૃતિઓને સલામત બનાવવાની તેમની જહેમત માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નામના પામ્યા છે.

તેઓ પોતાના આગથી બચાવ સંબંધી પ્રોડક્ટ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રદર્શનોમાં પ્રસ્તુત કરી ચુક્યા છે અને એ બાબત બૃહદ સ્તરે ખૂબજ પ્રશંસા અને આદર પામ્યા છે. તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સોમાં રજુ કરેલા અભ્યાસ પૂર્ણ લખાણો પણ સારો પ્રતિભાવ પામ્યા છે.

તાજેતરના વાઈબ્રંટ ગુજરાત સમીટમાં રાષ્ટ્રીય સંરક્ષણ પ્રધાન મનોહર પરીકર અને ગુજરાતના મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીએ તેમને ઇનોવેટીવ એક્સલન્સ એવોર્ડ આપતા તેમના સામાજિક જવાબદારીભર્યા વહેવાર અને સતત નવું કરવાની તથા તેમાં શ્રેષ્ઠતમ રહેવાની ભાવનાને વધાવી હતી.

તેઓ કુદરત પ્રેમી છે અને જૈવિક વૈવિધ્યતા જાળવવા માટે વડોદરામાં સ્થપાયેલી સંસ્થા 'પગદંડ'ના સ્થાપક સભ્ય છે અને તેઓ આ બાબત અંગે ગુજરાત સ્તરે પણ સક્રીય છે.

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનું સદભાગ્ય છે કે તેઓ પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય ફાળવી વડોદરા - ગુજરાતના જ્ઞાતિજનો જ નહીં સમસ્ત મહાજનનું ટ્રસ્ટીપદ સ્વીકારી સમસ્ત જ્ઞાતિના સમાજ જીવનને નવી દિશા આપવા સક્રિય છે.

તાજેતરમાં સમસ્ત મહાજન દ્વારા થનાર જ્ઞાતિની અગ્રતા નક્કી કરવા સમસ્ત મહાજનની મહાસમિતિના સભ્યો ઉપરાંત જ્ઞાતિના દરેક મહાજનના વરિષ્ઠ આગેવાનો જ નહીં તેમની મહિલા અને યુવા પ્રવૃત્તિના સંગઠકો સાથે આવે તેવી લીડરશીપ સમીટ (નેતૃત્વ કેળવણી સર્વોચ્ચ મિલન) તેમનું માનસ સંતાન છે અને તે સ્વપ્નને સાકાર કરવા તેઓ કૃત નિશ્ચય છે. તેઓ ચાહે છે કે આ સંવાદ દ્વારા એવું કોલ સેન્ટર ઊભું થાય જે જ્ઞાતિજનોને આવશ્યક બધી માહિતી સહાય તરત પહોંચાડે એટલું જ નહીં સાનિધ્યનો અહેસાસ કરાવે.

તેઓ સંઘર્ષ કરીને સફળતાને શિખરે પહોંચ્યા છે અને પોતાના જ્ઞાતિની ઉછેરતી પેઢીને સાવ ટકી રહેવા માટે નહીં પણ કોઈપણ ક્ષેત્રમાં ટોચ પર પહોંચવા માટે જ સંઘર્ષ કરવો પડે તે માટે અનેકવિધ યોજનાઓ કરવા ચાહે છે.

તેઓ યુવાનો અને મહિલાઓને સાર્થક પરિવર્તનના સારથી બનાવવા ચાહે છે. તેમની વિશેષતા એ છે કે તેઓ એટલા સમજદાર છે કે પોતાની વાત સમાજ અને તેના નેતાઓ પાસે મનાવવા વર્ષો જોઇશે એ ખબર હોવા છતાં એના સિવાય નાનો કોઈપણ કાર્યક્રમ હાથ લેવા તૈયાર નથી.


સમસ્ત મહાજન જો કે તેમના જેવી વિરલ પ્રતિભાનું યોગ્ય મુલ્ય કરવા માટે ઉચિત સંસ્થા નથી તે છતાં સમાજ ને અત્યારે એક સશક્ત કેંદ્રીય સંસ્થા વગર ચાલે તેમ નથી એ સમજી તેને નવી ઉંચાઈએ લઈ જવા તેઓ યથાશક્ય પ્રયત્ન કરી રહ્યા છે. લીડર સમીટના તૈયારી કાળમાં એમને તેની સફળતા માટે હૃદયપૂર્વકની શુભકામના... **- પ્રવીણ લોડાયા**

|| શ્રી અનંતનાથાય નમો નમઃ ||

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
# શ્રી કચ્છી દશા ઓશવાલ જી. વી. સી. જૈન સંઘ

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર, અનંત છાયા, આર.બી.મહેતા માર્ગ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭. મો. ૯૮૨૦૦ ૬૯૭૨૪ / ૭૫૦૬૩ ૮૮૬૯૯

**"જીવન બને ભાવિબેન તમારું સફળ, મોહ રાજાને બનાવી દેજો તમે નિષ્ફળ."**




**અમે સર્વેને આમંત્રણ પાઠવતાં હર્ષનાં હિંડોળે હિંચી રહ્યા છીએ.**

*આ **આમંત્રણ** છે ત્યાગ માર્ગને વધાવવાનો, આ **આમંત્રણ** છે ચારિત્ર ધર્મના ગુણ ગાવા માટેનો,*
*આ **આમંત્રણ** છે પ્રભુ વીરની આજ્ઞાને મસ્તકે ચડાવવાનો, આ **આમંત્રણ** છે આપણીજ દિકરીને શ્રેષ્ઠ પંથે વળાવવાનો...*

અચલગચ્છાધિપતિ, સુવર્ણ વર્ષીતપનાં આરાધક, ગુરૂગુણસિંધુનાં પ્રતાપી પટ્ટધર **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**નાં કરકમળો દ્વારા **શનિવાર, તા. ૨૨-૦૪-૧૭**ના **મુમુક્ષુ કુમારી ભાવિબેન**ને રજોહરણ રૂપી રત્ન પ્રાપ્ત થશે અને મિતભાષી **પ.પૂ.ચારૂલતાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.**ના ચરણોમાં શરણ મેળવશે. સર્વે જ્ઞાતિજનોને આ અલૌકિક ક્ષણોનાં સાક્ષી બનવા પધારવાનું ભક્તિસભર આવકાર આપીએ છે. આપ સૌ જરૂરથી પધારજો.

- **તા. ૨૦-૦૪-૨૦૧૭ ચૈત્ર વદ-૧૦ ગુરૂવાર સવારનાં ૮.૦૦ કલાકે**
  **પ્રભુજીનાં દિક્ષા કલ્યાણકે પ્રભુજીનો તથા ભાવિબેનનો વર્ષીદાનનો વરઘોડો.**
  **સાંજે ૭.૦૦ કલાકે "ભાવે ભાવના ભાવિયે" સંવેદના સહિત ભાવિબેનનો બહુમાન.**
- **તા. ૨૧-૦૪-૨૦૧૭ ચૈત્ર વદ-૧૧ શુક્રવાર સાંજે ૭.૦૦ કલાકે**
  **વિદાય સમારંભ "રૂડાં રાજ મહેલને ત્યાગી."**
- **તા. ૨૨-૦૪-૨૦૧૭ ચૈત્ર વદ-૧૨ શનિવાર સવારનાં ૭.૩૦ કલાકે**
  **મુમુક્ષુની દીક્ષા વિધિનો પ્રારંભ.**

**પ્રવજ્યા સ્થળ : શ્રી સોમૈયા ગ્રાઉન્ડ નં. ૪-૫, એમ. જી. રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.**

**ખાસ નોંધ : આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ આપવા આગ્રહભરી વિનંતી.**

**લિ.**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ ના પદાધિકારીઓ



**શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા (પ્રમુખ)**

| | |
|---|---|
| ડૉ. કાંતિલાલ નરશી દંડ (ઉપપ્રમુખ) | શ્રીમતી દમંયતિબેન ચાંપશી શાહ (ઉપપ્રમુખ) |
| શ્રી કલ્યાણજી સી. છેડા (ઉપપ્રમુખ) | શ્રી સંજય રતિલાલ અજાણી (ઉપપ્રમુખ) |
| શ્રી શૈલેષ રતનશી શાહ (માનદ્‌મંત્રી) | શ્રી જયેન્દ્ર ઉમરશી ભેદા (માનદ્‌મંત્રી) |
| શ્રી કિરીટ કે. કુરૂવા (કોષાધ્યક્ષ) | શ્રી જીતેન્દ્ર ઉમરશી લોડાયા (કોષાધ્યક્ષ) |



UPASANA - 9820167767

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસવીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 16/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## દરેક શુભ નિમિત્તને ભાવે વધાવીએ

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ અચલગચ્છીય સમાચારીને વરેલી જ્ઞાતિ છે, અચલગચ્છની સ્થાપનાને આ વર્ષની વૈશાખ શુદ ૩જાના ૯૦૫મું વર્ષ થશે. તે સાથે આશરે આપણા કચ્છમાં આગમનને પણ ૫૦૮-૫૧૦ વર્ષ થશે. એકી સાથે ઘણા શુભ નિમિત્તોનો જાણે સંગમ થયો છે. તેથી વર્ષો બાદ અચલગચ્છાધિપતિનું ક.દ.ઓ. જ્ઞાતિના જ કહેવાય તેવા ત્રણ માંથી બે નિમિત્તે મુંબઈ આગમન એ શુભ નિમિત્ત જ ગણાય.

મુખ્ય નિમિત્ત છે અચલગચ્છાધિપતિના સળંગ ૫૦મા વરસી તપના સમાપનને વધાવવા સેંકડોની સંખ્યામાં થયેલા વરસી તપ વ્રત અને તેમના ૫૧મા વરસી તપમાં પ્રવેશને વધાવવા થયેલા વરસીતપના સેંકડો સંકલ્પો.

અનંતછાયા જ્યાં અનંતનાથજી દાદાના ત્રિશિખરીય જિનાલયની પ્રાણ પ્રતિષ્ઠા થવાની છે એ અનંતછાયામાં જ્ઞાતિજનો પ્રથમ વખત રહેવા ગયેલા એવલને જ્યારે ૫૨ વર્ષ થયા ત્યારે તેઓ નવનિર્મિત અતિ આધુનિક ઈ ભારતમાં પુનર્વાસ પામ્યા છે.

એક યોગાનુયોગ એ પણ છે કે આ ત્રિશિખરીય જિનાલયની પ્રાણપ્રતિષ્ઠા સાથે એક ૨૧ વર્ષીય ધર્મમય થયેલી યુવતિ દીક્ષિત થઈ આત્મકલ્યાણના કલ્યાણના માર્ગે જઈ રહી છે.

જૈન ધર્મની સમજ પ્રમાણે જ્યારે પૂર્વના પુણ્યનો ઉદય થાય છે ત્યારે જ જીવને શુભ નિમિત્ત પ્રાપ્ત થાય છે. આ વાત સમુદાય માટે પણ સાચી જ છે. અને એક સાથે પણ શુભ નિમિત્ત પ્રાપ્ત થવા એનો બહુ દુર્લભ વાત ગણાય.

આવા શુભ નિમિત્તોના સુઅવસર વચ્ચે અનંતછાયા ઘાટકોપરમાં થયેલ અનંતનાથ દાદાની પ્રતિષ્ઠા પોતે તેને મસ્જિદ બંદરના અનંતનાથજી જિનાલય જેવું વિશેષ તીર્થ બનાવે અને તેની પાસેના જ્ઞાતિના વસવાટને કાયમી - સુખ સમૃધ્ધિદાયી બનાવે તથા અનેકવિધ શુભ પ્રવૃત્તિનું કેન્દ્ર બને એવી હૃદયપૂર્વકની શુભકામના..

---

## મસ્જિદ બંદરમાં રહેનારા જ્ઞાતિજનો ક્યારેય નહીં વિસરી શકે ૧૪-૪-૧૯૪૪ના એ ગોદીમાંય ધડાકાને !

શ્રી અનંતનાથજી દાદાની છત્રછાયામાં વસતા આપણા જ્ઞાતિજનો માટે આજથી ૭૩વર્ષ પહેલાંનો તા. ૧૪-૪-૧૯૪૪નો દિવસ અવિસ્મરણીય બની ગયો.

એ દિવસે બપોરના ગોદીમાં નાંગરેલી સલ્ફર, ગન પાવડર (દારુગોળો), કપાસની ગઠડીઓ અને સોનાની પાટો લઈ જતી સ્ટીમરમાં કિલોમીટરનો વિસ્તારમાં જેની અસર પહોંચે તથા તેનો વિસ્ફોટ સંભળાય એવો ધડાકો થયો.

સ્ટીમરના નીચેના ભાગમાં થોડું ગાબડું પડવાથી ત્યાં સંગ્રહાયેલું સલ્ફર (ગંધક) દરિયાના પાણીના સંપર્કમાં આવ્યું. જેની કારણે દારુગોળો પણ ચપેટમાં આવ્યો.

આના કારણે થયેલા ધડાકામાં આસપાસના મસ્જિદબંદર વિસ્તારના સેંકડો લોકો માર્યા ગયા. જાન માલની ખૂબ હાની થઈ. કેટલાક માળા ભાંગી પડ્યા કે ભારે નુકસાન પામ્યા.

આખા વિસ્તારના લોકોને પહેરેલ કપડે નાસી જવું પડ્યું.

આવા વિસ્ફોટમાં પણ ક.દ.ઓ. જ્ઞાતિના શ્રધ્ધાસ્થાન અનંતનાથજી જિનાલયને ન જેવું જ નુકસાન થયું. સેવા-પૂજા કરવા માટે કોઈ હતું નહીં તોય અચલગચ્છની અધિષ્ઠાયિકા મહાકાલી મા સામેની અખંડ જ્યોત અખંડપણે પ્રજ્વલિત રહી.

તેવી જ રીતે જ્ઞાતિનો મુખ્ય વસવાટ જ્યાં હતો ત્યાંજ થયેલ ધડાકા પછી ય જ્ઞાતિનો વસવાટ ત્યાં ટકી રહ્યો એ ખરેખર ગૌરવની વાત છે. જો કે જ્ઞાતિ એ પછી જ વેરવિખેર થઈ તેની તેના સમાજજીવન પર લાંબા ગાળા માટેની અસર પડી.

**- ધર્મેન્દ્ર નાગડા**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા : લાંબી વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી, અન્યથા કંઈપણ વિગત કપાય એ બદલ ફરીયાદ કરવી નહીં.**

# લાલા ગામવાસીઓ પર્યુષણ પર્વ ઉજવવા લાલા પધારો

**લાલા ગામ વાસીઓ માટે ખુશખબર!** આ વર્ષ લાલા ગામે પર્યુષણ પર્વની ઉજવણી **તા. ૧૭-૮-૨૦૧૭ થી તા. ૨૭-૮-૨૦૧૭** ના દિવસોમાં કરવામાં આવશે. ગામમાં રહેવાની તથા ભોજનની વ્યવસ્થા મહાજન દ્વારા કરવામાં આવશે. જેમણે પણ પર્યુષણ પર્વના દિવસોમાં લાલા આવવાનું હોય તેમણે પોતાની ટ્રેનની ટીકીટો કઢાવી લેવા નમ્ર વિનંતી. **ભૂજથી તા. ૧૮-૮-૨૦૧૭**ના બસ અથવા તુફાન દ્વારા લાલા જવા આવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. સવારના ૯.૦૦ કલાકે બસ/તુફાન ભૂજ થી ઉપડશે.

દશ દિવસના પર્યુષણ પર્વની ઉજવણી માટેના ખર્ચને પહોંચી વળવા નીચે મુજબના નકરા રાખવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| **સવારની નવકારશી** | **- રૂા. ૫,૦૦૦/-** | **બપોરનું જમણ** | **- રૂા. ૧૦,૦૦૦/-** |
| **બપોરની ચા** | **- રૂા. ૨,૦૦૦/-** | **સાંજે (ચૌવિહાર)** | **- રૂા. ૭,૦૦૦/-** |

આખા દિવસનો લાભ લેવાનો નકરો **રૂા. ૨૧,૦૦૦/-**. નામ વહેલા તે પહેલોના ધોરણે નોંધવામાં આવશે.

**નોંધ : તુફાન/બસ ની વ્યવસ્થા ભૂજથી તા. ૧૮-૮-૨૦૧૭ તથા લાલાથી તા. ૨૭-૮-૨૦૧૭ ના કરવામાં આવેલ છે. બાકી દરેકને પોતાના રીતે પધારવા નમ્ર વિનંતી.**

આવકાર્ય : ● બસ/તુફાન માટેના દાતા. ● દરરોજ આંગીના દાતા ● રેલ્વે ટીકીટના દાતા.

લિ. **લહેરચંદ દામજી મૈશેરી** (L.D.) - પ્રમુખ

**: સંપર્ક સુત્રો :**

**દિલીપ ઉમરશી દંડ - 098693 24944**
**પારસ લહેરચંદ મૈશેરી - 093220 45744**
**તેજપાલ લખમશી ધરમશી - 098700 70027**
**રાજેશ મુલજી મૈશેરી - 099098 83970**
**નવીન લક્ષ્મીચંદ લોડાયા - 097330 44033**
**રાજેશ હિરાચંદ મોમાયા - 098797 15866**

## આરોગ્ય પ્રકાશ : ''પ્રિવેન્સન ઈઝ બેટર ધેન ક્યોર'' - ભાગ ૩

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧૨) કબજીયાત, પાઈલ્સ, ફિસર્સ :** દિવસ દરમ્યાન પૂરતું પાણી પીઓ. શાકભાજી, ફળ, આખું અનાજ, રેષા વધુ હોય તેવા ખાદ્ય લ્યો. બહારના ખાદ્ય ટાળો. તળેલા, તીખા તમતમતા, ચટાકેદાર ખાવાના પદાર્થોથી દૂર રહો. પૂરતું ચાલો કે વ્યાયામ કરો, જેથી ખાવાનું પચી જાય. આમ કબજીયાત ન થાય તેનું ધ્યાન રાખો.

કબજીયાત થશે તો પાઈલ્સ, પીસર્સ (સંડાસની જગાએ ચીરા પડવા) થવાની પૂરી શક્યતા છે. કબજીયાત થઈ હોય તો સંડાસ માટે જોર ન કરો. હરડે, એરંડીયું કે ક્રિયાફેન જેવી દવા લ્યો. સંડાસ બહુ જ કડક થઈ ગયું હોય તો જોર ન કરતાં કલકોલેક્સની સપોઝીટરી ગુદામાં મૂકો કે એનીમા લ્યો જેથી મળ નરમ થઈને બહાર આવશે અને પાઈલ્સ, પીસર્સ નહીં થાય.

**૧૩) ઓસ્ટીયોપોરોસીસ - સંધીવાત :** હાડકામાં કેલ્શિયમ ઓછું થાય એટલે ઓસ્ટીયોપોરોસીસ (હાડકા પોરોસ એટલે કે છીદ્રાળુ બને) થાય. હાડકા નબળા બને. આ બિમારી ન થાય તેને માટે ભીંડા, સરગવાની સીંગ-પાન, ઘેરા લીલા રંગના શાકભાજી, કોબી, બ્રોકોલી વગેરે નિયમિત લેવા. દૂધ અને દૂધની ચીજો, શિંગોડા, અસીરિયો વગેરે લ્યો. છાસમાં કે સૂપમાં ઘઉંના ઘણા જેટલું ખાવાનો ચૂનો નાખીને લ્યો.

રોજ તડકામાં ચાલવું જેથી વિટામીન 'ડી' મળે. (કેલ્શિયમ માટે વિટામીન 'ડી' પણ જરૂરી છે.)

ઉંમર મુજબ અને ફાવે તે રીતે થાય તે કસરત કરવી અને ચાલવું જેથી કેલ્શિયમ આંતરડામાં સોષાઈ અને હાડકામાં જમા થાય અને જેનાથી હાડકા મજબૂત થાય. છિદ્રાળુપણું દૂર થાય.

હાડકા નબળા હોય એટલે સાંધા ઘસાય. વજન વધુ હોય તે કારણે પણ સાંધા જલ્દી ઘસાય માટે વજન વધુ ન વધે, પ્રમાણસર રહે તેની કાળજી લેવી. બેઠાડું જીવન ત્યજી ચાલવું અને કસરત કરીએ જેથી સાંધામાં રહેલ લુબ્રીકન્ટ (પ્રવાહી) ફરતું રહે. સાંધાની આસપાસ રહેલા લિગામેન્ટસ્ અને સ્નાયુઓ મજબૂત રહે અને સંધીવાતની તકલીફથી બચી શકાય.

**૧૪) ફ્રેક્ચર અને અકસ્માત :** ઓસ્ટીયો પોરોસીસ હોય તો પડીએ કે થોડું પણ હાડકાને લાગે તો ફ્રેક્ચર થવાની સંભાવના રહે છે, તેથી જ ફ્રેક્ચરથી બચવા ઉપર જણાવેલ કાળજી હંમેશ


શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ

# શ્રી રાપર નાની સિંધોડી જૈન સંઘ આયોજીત

**ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સપરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.**

**ત્રિહાન્હિકા મહોત્સવ ની રૂપરેખા**

**• પ્રથમ દિવસ : તા. ૨/૬/૨૦૧૭, શુક્રવાર •**

| | |
|---|---|
| સવારનાં ૮ કલાકે | **ભક્તામર** |
| સવારનાં ૧૦ કલાકે | **શ્રી પંચ કલ્યાણક પૂજા** |
| બપોરના ૨ થી ૫.૩૦ કલાકે | **પ્રભુજીનાં અઢાર અભિષેક.** લાભાર્થી : **શ્રી રાપર ગઢવારી ગામવાસીઓ** |
| સાંજે ૬ કલાકે | **મહેંદી રસમ તથા ૮ કલાકે ''દાંડીયા રાસ''.** લાભાર્થી : **માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા પરિવાર** |

**• દ્વીતીય દિવસ : તા. ૩/૬/૨૦૧૭, શનિવાર •**

| | |
|---|---|
| સવારનાં ૮.૦૦ કલાકે | **નવકાર મહામંત્ર અનુષ્ઠાન** |
| બપોરના ૧૨.૩૯ કલાકે | **શ્રી સિધ્ધચક્ર મહાપુજન** |
| રાત્રે ૮.૦૦ કલાકે | **મહાકાલી માતાજીની ભાવના** |

લાભાર્થી : **માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા પરિવાર**

**• તૃતીય દિવસ : તા. ૪/૬/૨૦૧૭, રવિવાર •**

| | |
|---|---|
| સવારનાં ૯ કલાકે | **સત્તરભેદી પુજા** |
| સવારના ૧૧.૧૫ કલાકે | **ધ્વજારોહણ** |

શ્રી ધ્વજારોહણ તથા ત્રિહાન્હિકા મહોત્સવનાં સંપુર્ણ સાધર્મિક ભક્તિનાં લાભાર્થી : **માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા પરિવાર**

**નોંધ :** મહોત્સવમાં પધારનાર પ્રત્યેક ભાગ્યશાળી પરિવારે આપશ્રીનાં નામો અમારા પ્રતિનિધીઓને જણાવવા વિનંતી. જેથી આપની આવાસ વગેરેની સુવિધામાં સુગમતા રહે.

**સંપર્ક :**

**વિરચંદ લોડાયા - 9594 600 900** | **સોમચંદ નાગડા - 9833 816 131**

**નરેન્દ્ર મોતા - 9820 690 904** | **ચંદ્રકાન્ત મૈશેરી - 9833 151 258**

લેવી. ઘરમાં પણ અકસ્માત થવાની શક્યતા હોય છે તેનાથી બચવા બાથરૂમ – ટૉયલેટ કોરા રાખવા, ક્યાંય ઘરમાં પાણી ઢોળાય તો તરતજ લૂંછી કોરું કરો.

શતરંજી વગેરેના દોરા પગમાં ફસાય નહિં તે જોવું. ફર્નિચરમાં પગ ન અટકાય કે અથડાય તેની કાળજી રાખો. રાતના ઉઠતી વખતે લાઈટનું બટન બીછાના પાસે જ હોય તો ઉત્તમ નહિં તો નાઈટલેમ્પ ચાલુ રાખવું.

વૃદ્ધાવસ્થામાં લાકડીની જરૂર હોય તો તેનો ઉપયોગ કરવો તે જ રીતે રસ્તાપર ચાલતી વખતે ખાડા ટેકરા કે વાહનથી સંભાળવું. તે જ રીતે વાહન ચાલકે પણ અકસ્માત ન થાય તેની કાળજી લેવી જરૂરી.

**૧૫) જાડાપણું :** જાડાપણાથી હાઈ બી.પી., હાયાબીટીઝ, સંધીવાત, ગોલ્ડ બ્લેડરમાં પથરીથી લઈને કેન્સર સુધીની બિમારીએ લાગુ પડવાની શક્યતા વધી જાય છે. તેથી જ સહેજ વજન વધે કે સતર્ક બનો. જાડાપણું વધે નહિં તેની કાળજી લ્યો.

બેઠાડુ જીવન ત્યજી ચાલીએ, કસરત કરીએ એટલે ખાવાનું પચે, કેલેરી બળે અને શરીર પ્રમાણસર રહે. તળેલી વસ્તુઓ, જંક ફૂડ, સાકરનો ઉપયોગ ટાળીએ. ખાવાપીવામાં ઓછી કેલેરીવાળા પદાર્થ લઈએ. પેટ પર જમા થતી ચરબી વધુ નુકશાનકારક છે. કપાલભાંતી, પશ્ચિમોતાનાસન, ઊભા રહી પગના અંગૂઠા પકડવા વગેરે પેટની કસરતો નિયમિત કરવી જેથી પેટ ન વધે. ફ્રીજનું ઠંડુ પાણી, ઠંડા પીણા ટાળો. બની શકે તો હુંફાળું પાણી સારું પણ છતાં ગરમીના સમયે માટલાના પાણીનો ઉપયોગ રાખો. વજન વધતું જણાય કે તરતજ રોજ સવારે ૧ ગ્લાસ હુંફાળા પાણીમાં ૧ આખું લીંબુ અને ચોખ્ખું મધ મળે તો ૧ ચમચી મધ નાખીને પીઓ. (ચોખ્ખું મધ ન હોતાં જો સાકરવાળું જ મધ હોય તો નુકશાનકર્તા બને – તો મધ નહીં વાપરવું. ફક્ત લીંબુ જ નાખીને લેવું.)

**૧૬) કીડની અને પેશાબની બિમારી :** પાણી ઓછું પીવાય તો ઈન્ફેકશન – ચેપ લાગુ પડે, તેથી સામાન્ય રીતે પુરતા પ્રમાણમાં પાણી, છાસ કે અન્ય પ્રવાહી લ્યો. ઈન્ફેક્શન લાગુ પડે તો તરતજ ઈલાજ કરો, નારિયેળ પાણી, જવનું પાણી, ગોળનું પાણી (૧૦૦ વાર ઉથલાવીને)લ્યો.

સામાન્ય કરતાં ૨૦% વજન વધુ હોય ત્યારે કિડની પર અસર થાય છે. કિડની ફેલ્યોઅર થવાના ત્રણ-ચાર મુખ્ય કારણોમાં – વધુ પડતું વજન, કંટ્રોલમાં ન રહેલ બ્લડ પ્રેશર, ડાયાબીટીઝ, કીડનીમાં ચેપ, વધુ પડતી અલોપેથીક દવાઓ તેમ જ આયુર્વેદિક દવાઓની ભસ્મમાં શીશુ પારો વગેરે ધાતુઓની મોજુદગી કારણભૂત છે.


## શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ
## શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૩ ૩૧૭૪ / ૨૫૧૦ ૦૧૫૭

નવા એડમીશન ફોર્મસ આપવાની કાર્યવાહી બાબત અલ્ટ્રામોર્ડન, મજબૂત બાંધકામ, ક્લાસ વન ડિઝાઈન, ભવ્ય લોબી; વિદ્યાર્થીઓને રહેવા માટે વિશાળ રૂમ, કોમ્પ્યુટર રૂમ, લાઈબ્રેરી, જિમ, સ્પોટર્સ રૂપ, કોન્ફરન્સ રૂમ, મેડિટેશન રૂમ, મલ્ટીપર્પસ હોલ વગેરે વગેરે જેવી કેટલીય સગવડો સાથેના આધુનિક વિદ્યાર્થીગૃહમાં એડમીશન લેવા અર્થે જરૂરી અરજીપત્રક આપવાની કાર્યવાહી શરૂ થઈ ગયેલ છે.

૧૨ જુન ૨૦૧૭ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલાં અરજીપત્રક ભરવાના રહેશે. વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા-જમવાની ફ્રી સવલતો આપવામાં આવે છે. ધોરણ ૧૧ અને ૧૨ ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફ્રી સવલતો પ્રાપ્ત છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાંચનાલય, પુસ્તકાલય, જીમનેશ્યિમ લાભો આદિ વિવિધ બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

**શાળા વિભાગ તથા કોલેજ વિભાગ : અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૩૦ મે ૨૦૧૭**

**<u>નોંધ : તા. ૩૦.૦૫.૨૦૧૭ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.</u>**

**અરજી ફોર્મ સંસ્થાની ઓફિસેથી સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું રહેશે .**

| | | |
|---|---|---|
| **શાળા વિભાગ (ધોરણ ૫ થી ૧૨) ઈન્ટરવ્યુ** | **:** | **તા. ૧૦-૦૬-૨૦૧૭; સવારે ૧૦.૩૦ વાગેથી** |
| **કૉલેજ વિભાગ ઈન્ટરવ્યુ** | **:** | **તા. ૧૧-૦૬-૨૦૧૭; સવારે ૧૦.૩૦ વાગેથી** |

**૧૭) લીવરની બિમારીઓ :** 'કમળા' વિશે આપણે આ લેખના ભાગ ૧માં મુદ્દા નં. ૫) માં ચર્ચા કરી છે. કમળો એ લીવરની બિમારી માટે મુખ્ય છે. દારૂ એ લીવરને નુકશાન કરે છે. લીવરની 'સીરોસીસ' નામની બિમારી દારૂને લીધે જ થાય છે. વધુ પડતી એલોપેથીક દવાઓ લીવરને નુકશાન કરે છે.

**૧૮) હાઈ બી.પી. અને ડાયાબીટીઝ :** આ રોગ મુખ્યત્વે જીવનશૈલીની ગડબડને કારણે થાય છે. તેથી જ આ બિમારીઓથી બચવા જીવનશૈલી સુધારવી જોઈએ. દિનચર્યાને નિયમિત બનાવવી જોઈએ. સમયસર સુવું – ઉઠવું, ભૂખ લાગે ત્યારે જમવું કે ટાઈમસર જમવું. વધુ સમય ભૂખ્યા રહેવું કે અતિ ઠાંસીને ખાવું – તે ટાળવું.

પેટનો અડધો ભાગ અન્ન, પા ભાગ પ્રવાહી અને પા ભાગ ખાલી રાખવું. સાંજે વહેલાં જમવું કે તે શક્ય ન હોય તો હળવું ભોજન લેવું. હોટલનું કે બહારનું ખાવાનું ટાળવું. તળેલું જંક ફૂડ શક્ય તેટલું ટાળવું. ઘરનું પૌષ્ટીક અન્ન લેવું. જેમાં પુરતા પ્રમાણમાં શાકભાજી, ફળો, ડ્રાયફ્રૂટ નો સમાવેશ હોય.


બેઠાડુ જીવન ત્યજી નિયમિત ૪૫ મિનિટ ચાલવાનું કે આપણને ગમતી કોઈપણ કસરત, એરોબી (ચાલવું, દોડવું, સાઈકલિંગ, ક્રિકેટ, બેડમિન્ટન, દોરીકૂદ, સ્વીમિંગ) અને સ્નાયુ મજબૂત કરવાની કસરત (પૂલ અપ્સ, સૂર્ય નમસ્કાર, વેઈટ લીફ્ટીંગ વગેરે) પ્રાણાયામ આસન વગેરેથી લોહી ચોખ્ખું થશે, વધતી ઉંમરે પણ આત્મવિશ્વાસ વધશે, હાઈ બી.પી., ડાયાબીટીઝ જેવી બિમારીઓ થશે નહિં અને જો હશે તો ય કંટ્રોલમાં આવશે. ખોરાકની બાબતમાં પણ સુધારો કરી, ચરબીવાળા અને વધુ ખાંડવાળા બધાજ ખોરાકનો ત્યાગ કરો.

તાણ, ટેન્શન, ઈર્ષ્યા, ગુસ્સો, વેરભાવ, અસંતોષ આ બિમારીઓમાં મહત્વનો ભાગ ભજવે છે માટે તેનાથી દૂર રહેવું.

પૈસો, કારકીર્દી, હોદો, સત્તા, માનમરતબા માટે દોડવાથી તાણ ટેન્શન વધી આવી બિમારીઓ (લાઈફ સ્ટાઈલ ડીઝીસ) લાગુ પડી શકે છે. આખો દિવસ કામમાં રચ્યાપચ્યા (વર્કોહોલીક્સ) ન રહેતાં જીવનમાં સંગીત, ભક્તિ સંગીત, સેવાભાવ, મદદની ભાવના, હાસ્ય, હકારાત્મક વિચારો જીવનમાં અપનાવો અને દરરોજ અડધોથી ૧ કલાક પોતાની માટે કાઢો અને આ બિમારીઓથી દૂર રહો.

**૧૯) હાર્ટ અટેક–સ્ટ્રોક :** લોહીની નસો કડક થાય તેમાં લોહીના ગઠ્ઠા થાય ત્યારે આ તકલીફ થાય છે. હાર્ટમાં થાય તો હાર્ટ અટેક આવે અને મગજમાં થાય તો સ્ટ્રોકની તકલીફ થાય, લકવો થાય કે માણસ બેશુધ્ધ થાય. બેઠાડુ જીવન ત્યજી,


સેલ..!! સેલ..!! સેલ..!!
કલાત્મક બાંધણીના ચાહકો માટે આવી ગયું છે
પાલવનું વાર્ષિક સેલ
40% સુધીનું વળતર
UPTO 40% ડિસ્કાઉન્ટ
તા.૧૩-૪-૧૭ ગુરૂવારથી શરૂ
★ રંગબેરંગી બાંધણી ★ ઘરચોળા ★ ડ્રેસ મટિરિયલ્સ ★ બ્લોકપ્રિન્ટેડ ફેબ્રિક ★ બોર્ડર ★ કુરતી ★ ડિઝાઈનર ફૂટવેર
★ ડિઝાઈનર બ્લાઉસ ★ ડ્રેસીસ ★ ચણિયાચોળી સ્ટીચીંગ અને હેન્ડ એમ્બ્રોઈડરી માટે અમારી ડિઝાઈનર એપોઈન્ટમેન્ટથી ઉપલબ્ધ
પાલવ: શોપ નં.૧, ઓ વિંગ, વર્ધમાનનગર, ભક્તિ માર્ગ, મુલુન્ડ (વેસ્ટ). Ph. 2561 6842, 2590 6287
Contact: 99202 14224 સેલ દરમ્યાન રવિવારે દુકાન ચાલુ રહેશે.

**BHUMIKA NITIN KHONA**
**Qualification :** B.E.(E&C) (VTU)
MSc (Eng. Management)-England



## *Hearty Congratulations*

***Bhumika Nitin Khona*** *(DOB: 7-7-1990)*

*For completing Masters (MSc) in Engineering Management from Nottingham Trent University, England (UK) with honours. She is working as HR Executive at VERSE Innovations Pvt. Ltd. Bangalore. She is in charge of Technical Recruitment and HR operations.*

***Wishing her Goodluck and Success in all her future endeavors.***

Dadana : **Smt. Shantabai, Late Shri Navinchand Khona** (Hubli)
Nanana : **Late Smt. Leelabai Mota, Shri Damji Tokarsey Mota** (Hubli)
Parents : **Smt. Bindu Nitin Khona, Shri Nitin Navinchand Khona** (Hubli)
Phone - 095388 37929 / 097406 76635

**• Khona Parivar • Mota Parivar • Lodaya Parivar**
**Khazana** (Hubli) Ph.: 0836 - 2266584
**Konark Floorings** (Hubli)
**Kulin Khona and Parivar** (Thane) Ph.: 098201 44761

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||
**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો
ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર
ઇંડીકા / ઇંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન
સંપર્કઃ શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા
099798 55686

કસરત, ચાલવાનું નિયમિત કરીએ, યોગ્ય પૌષ્ટીક આહાર લઈએ, તળેલું, જંક ફૂડ, બહારના ખાદ્ય ટાળીએ. મીઠું અને સાકરનો ઉપયોગ પ્રમાણસર રાખીએ. હાઈ બી.પી., ડાયાબીટીઝ, હાઈ કોલેસ્ટ્રોલ લાગુ ન પડે તેનું ધ્યાન રાખીએ અને હોય તો નિયમિત ચેકીંગ કરાવી કંટ્રોલમાં રાખીએ. બી.પી. કે ડાયાબીટીઝ અમુક હદથી વધે એટલે હાર્ટ એટેક કે સ્ટ્રોકની શક્યતા વધે છે. દરેક વ્યક્તિમાં આ હદ અલગ અલગ હોય છે.

**૨૦) કેન્સર :** બીડી, સિગરેટ, તમાકુ, ગુટકા, દારૂ જેવા વ્યસનો કેન્સર માટે મુખ્યત્વે કારણભૂત છે માટે વ્યસન ત્યજો. બહારના ખાદ્યમાં કેમીકલ્સ, પ્રીઝર્વેટીવ હોય છે માટે તે ટાળો. એક વાર તળેલા તેલમાં બીજીવાર ન તળવું. બજારમાં મળતી ચીપ્સ ખૂબ ઉંચા તાપામાને બનાવાય છે તે કેન્સર માટે કારણભૂત છે. પ્લાસ્ટીક નો ઉપયોગ મર્યાદિત કરો. વાસી અન્ન ખાવું નહિં કારણ તેમાં ઉત્પન્ન થયેલ ફૂગ કેન્સરને નોતરે છે. શાકભાજી, ફળ, ડ્રાયફ્રૂટ વધારે લ્યો. ઘરના પૌષ્ટીક ખોરાક લ્યો.

અતિ તડકાથી બચો બેઠાડુ જીવન ત્યજો, કસરત, સાતેક કલાકની શાંત ઉંઘ, નિયમિત જીવ શરીરને ફીટ રાખો. ઠંડુ પાણી, પીણાં વગેરે જમણ સાથે કે પછી લેવાથી એ તેલવાળા ખાય સાથે મળી ઘટ્ટ ઘન બને છે, પાચન ધીમું પડે છે. આ ઘટ્ટ બનેલ પદાર્થ એસિડ સાથે પ્રક્રિયા કરી છૂટૂં પડે છે અને આંતરડામાં વિભાજન થઈ આંતરડા દ્વારા એનું શરીરમાં શોષણ થાય છે તે કેન્સરનું કારણ બને છે. તે સાથે જ કોલેસ્ટ્રોલ અને ટ્રાયગ્લીસરાઈડ પણ શરીરમાં વધે છે.

ઠંડા પાણી કે પીણાં ને બદલે ગરમ સુપ કે ગરમ પાણી ખાધા પછી લેવું વધુ ફાયદાકારક છે. જાપાનીઝ લોકો જમણ સાથે ગરમ ચા પીએ છે; અને કદાચ તેથી દુનિયામાં એવરેજ વધુ આયુષ્ય જાપાનના લોકોનું છે. જાપાનમાં ૧૦૦ વર્ષથી વધુ વયના ઘણા લોકો છે. A.C. યુક્ત કારનો વપરાશ હવે સામાન્ય થયો છે તો તેમાં ધ્યાન રાખો કે કારમાં બેસતાં પહેલા કારના - કાંચ ખોલી અંદરની હવા બહાર જવા દ્યો. કારણ કે કારમાં રહેલ પ્લાસ્ટીક હવામાં ભળી કેન્સરકારક 'બેન્ઝીન' હવામાં ઉત્પન્ન થાય છે જે શ્વાસમાં લેવા થી કેન્સરની શક્યતા વધી જાય છે.

આજ રીતે અન્ય ઘણી બિમારીઓથી બચવા જીવનશૈલી બદલો, પ્રતિકાર શક્તિ વધારો. સૂંઠ, તજ પાવડર, હળદર દરેક એક નાની ચમચી નિયમિત લ્યો. ચાર અખરોટ, ચાર ચમચી અળશી, પાંચ બદામ, તુલસીના પાંચ પાન, કડવા લીમડાના પાંચ પાન, સરગવાના પાન કે તેને સુકવી બનાવેલ પાવડર (સરગવાના પાન વિશેની સમજણ આગળના અંકમાં આવશે.) વગેરેનો ઉપયોગ નિયમિત કરો. અને ઘણી બિમારીઓથી બચો.

દલતુંગીના ડાધા માલદે ખેરાણી પરિવારના કુળદેવી મોમાઈ માતાજીની ૮મી ધ્વજા વૈશાખ સુદ ૬, સોમવાર, તા. ૧-૫-૨૦૧૭ ના દલતુંગી મુકામે રહેશે. ધ્વજાનો આદેશ માતુશ્રી જયાબેન પુનશી લખમશી માલદે, મુલુંડ પરિવારે લીધેલ છે. તે દિવસે ત્રણે સમયની સાધર્મિક ભક્તિ માતુશ્રી જીવાબાઈ લખમશી માલદે પરિવાર તરફથી રાખવામાં આવેલ છે. સર્વે કુટુંબીજનો તથા નિયાણી દિકરી બહેનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

દરેક પ્રસંગને સંગીતનાં સથવારે સજાવવા
**અરવિંદ વેદાંત**
અને સાથી કલાકારો


- ભક્તિ ભાવના
- પ્રાર્થના સભા
- પહેડી
- સંગીત સંધ્યા
- રાસ ગરબા
- લગ્નગીત
- એનીવર્સરી
- બર્થ-ડે પાર્ટી
- મહેંદી ગીત
- સગાઈ
- ડાયરો

તેમજ દરેક પ્રકારના સંગીતમય કાર્યક્રમ માટે
સંપર્કઃ
96196 83361
93228 77836

|| શ્રી આદિનાથાય નમઃ ||

## શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન

સંપર્ક : વિનય હિરાચંદ લોડાયા – 09920660162



## શ્રી વારાપધર જૈન યુવક મંડળ

Email : varapaddhar.jainyuvakmandal@gmail.com Varapadhar Jain Yuvak Mandal

# અબડાસાની નુતન પંચતીર્થી ''વાવાલાપરા''ના ૧૫૫ વર્ષ પ્રાચીન વારાપધર તીર્થે

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની માદરે વતનમાં શ્રી આદીનાથ દાદાના સાનિધ્યમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા આપસૌ ગામવાસીઓ અને નિયાણી બહેનોને સહપરિવાર પધારવા....

## ભાવભર્યું હાર્દિક આમંત્રણમ

### પર્યુષણ મહાપર્વની ઉજવણીના મુખ્ય દાતા

### શેઠશ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા પરિવાર (વાપી)



**સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિનો લાભ લેનાર દાતાશ્રીઓ (એક કે તેથી વધુ)**

| | |
|---|---|
| શ્રા. વ. ૧૨ | માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા (મુલુંડ) |
| શ્રા. વ. ૧૩ | માતુશ્રી કસ્તુરીબાઈ કેશવજી નાગડા (ડોંબિવલી)<br>માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા (ઘાટકોપર) |
| શ્રા. વ. ૧૪ | શ્રી રાયચંદ શીવજી છેડા (મુલુંડ)<br>માતુશ્રી લક્ષ્મીબાઈ શામજી મોતા (હૈદ્રાબાદ) |
| શ્રા. વ. 30 | માતુશ્રી નવલબેન ઠાકરશી લોડાયા (ગાંધીધામ)<br>માતુશ્રી કસ્તુરીબાઈ મેઘજી લોડાયા (આકોલા) |
| ભા. સુ. ૧ | શ્રી લક્ષ્મીચંદ ચત્રભુજ છેડા, હસ્તે મંજુલાબેન (મુલુંડ)<br>શ્રી ભવાનજી અરજણ ભેદા પરીવાર (મુલુંડ)<br>માતુશ્રી તેજબાઈ લાલજી લોડાયા<br>હ. અરવિંદભાઈ – ભુપેન્દ્રભાઈ (ગાંધીધામ) |

**સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિનો લાભ લેનાર દાતાશ્રીઓ (એક કે તેથી વધુ)**

| | |
|---|---|
| ભા. સુ. ૨ | માતુશ્રી પદમાબેન અશોક ભેદા (મુલુંડ)<br>અ.સૌ. સરલાબેન લાલજી લોડાયા (ડોંબિવલી)<br>માતુશ્રી તારાબેન નવીનચંદ્ર છેડા (ભાંડુપ), હસ્તે જયેશભાઈ<br>માતુશ્રી ચંપાબેન નરશી વેલજી મોમાયા (હૈદ્રાબાદ) |
| ભા. સુ. ૩ | શેઠશ્રી હંસરાજ વીરજી વીકમશી (ડોંબિવલી)<br>માતુશ્રી રતનબેન ખીમજી લાલકા (આદીપુર) |
| ભા. સુ. ૪ | શ્રી. ડૉ. અભય હિરાચંદ છેડા (વાપી)<br>માતુશ્રી પ્રેમાબાઈ ભાણજી લાલકા (બોરીવલી)<br>માતુશ્રી વિમલાબાઈ શીવજી લોડાયા |
| ભા. સુ. ૫ | માતુશ્રી ધનબાઈ કલ્યાણજી ભેદા (મુલુંડ)<br>માતુશ્રી કાંતાબેન ચંદ્રકાંત લોડાયા (ધુલીયા) |
| ભા. સુ. ૬ | શ્રી શીતલકુમાર લક્ષ્મીચંદ છેડા (મુલુંડ) |

**પર્વોધિરાજ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિ તથા નીચે મુજબના વિવિધ નકરાઓમાં લાભ સવાયા લેવા નમ્ર વિનંતી.**

| નવકાર જાપનું અનુષ્ઠાન | સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ | મધ્યાહન ભોજન | ચૌવિહાર | નવકારશી | બપોરની ચા | શ્રી સંઘ પુજન ૧ આની | શ્રી ભક્તામર લક્કી ડ્રો | પ્રભાવના ફંડ |
|---|---|---|---|---|---|---|---|---|
| રૂા. ૩૩,૩૩૩/- | રૂા. ૧૬૦૦૦/- (બીજ / છઠ્ઠ રૂા. ૨૦૦૦૦/-) | રૂા. ૮૦૦૦/- (બીજ / છઠ્ઠ રૂા. ૮૫૦૦/-) | રૂા. ૬૦૦૦/- | રૂા. ૪૫૦૦/- | રૂા. ૨૫૦૦/- | રૂા. ૧૦૦૦/- | રૂા. ૧૫૦૦/- | રૂા. ૨૫૦૦/- |



પર્વની નોખી–અનોખી ઉજવણી કરાવવા માટે
જિન ધર્મ પ્રસારક, જૈન, શાસનરત્ન યુવા વિધિકાર તથા સંગીતકાર

## શ્રી હર્ષભાઈ દેઢિયા

(M.A. in Jain Philosophy)

મુંબઈથી પર્યુષણાથે **સૌ પ્રથમવાર**
કચ્છની ધરા પર પધારશે.

**મુંબઈ થી માદરેવતન સામુહિક પ્રયાણ**
તા. ૧૭-૮-૨૦૧૭ ગુરૂવારના સયાજી નગરી એક્સપ્રેસ દાદરથી

**ભુજથી પુનઃ પ્રસ્થાન**
તા. ૨૮-૮-૨૦૧૭, સોમવારના કચ્છ એક્સપ્રેસ દ્વારા

નોંધ : પર્વ આરાધના કરવા આવનાર ભાગ્યશાળી માટેની વ્યવસ્થા મહાજન તરફથી સમુહમાં કરવામાં આવશે. (વ્યક્તિગત વ્યવસ્થા થઈ શકશે નહિ) તેમજ સાધર્મિક ભક્તિ શ્રી સંઘના રસોડે રહેશે. જો આપ પોતાની રીતે પધારવાના હો તો કાર્યકર્તાઓને સંપર્ક સાધવા વિનંતી.

**મુંબઈ – વારાપધર – મુંબઈ :**
વ્યક્તિદીઠ રૂા. ૧૦૦૦/- (નૉન રિફંડેબલ)
તા. ૩૦-૪-૨૦૧૭ સુધી રૂપીયા ભરી નામ નોંધાવવા વિનંતી.
સંપર્ક : ભાવિન દિલીપ લોડાયા – 09664019600
ઉદય મહેન્દ્ર મોમાયા – 08080840909
નીતેશ દિનેશ લોડાયા – 09323993282

| તા. ૧૯-૦૮-૨૦૧૭, શનિવાર | તા. ૨૦-૦૮-૨૦૧૭, રવિવાર | તા. ૨૧-૦૮-૨૦૧૭, સોમવાર | તા. ૨૨-૦૮-૨૦૧૭, મંગળવાર | તા. ૨૩-૦૮-૨૦૧૭, બુધવાર | તા. ૨૪-૦૮-૨૦૧૭, ગુરૂવાર | તા. ૨૫-૦૮-૨૦૧૭, શુક્રવાર | તા. ૨૬-૦૮-૨૦૧૭, શનિવાર | તા. ૨૭-૦૮-૨૦૧૭, રવિવાર |
|---|---|---|---|---|---|---|---|---|
| શ્રા.વ. ૧૩ ''સંવાદ''<br>(Significance of Shravak)<br>શ્રી નવપદ સાધના પૂજન<br>શ્રી મહાકાળી માની ભક્તિ + રાસ | શ્રા.વ. ૧૪ ''સંવાદ''<br>(9 Step to Happiness)<br>શ્રી ઋષભ જિન મહા અનુષ્ઠાન<br>શ્રી શત્રુંજય તીર્થ ભાવયાત્રા<br>(સ્લાઈડ શો દ્વારા) | શ્રા.વ. ૩૦ ''સંવાદ''<br>(What is Kalpsutra)<br>ચારિત્ર ઉપકરણ વંદનાવલી<br>પોથીજીની ભાવના | ભા.સુ. ૧ વ્યાખ્યાન (કલ્પસૂત્ર)<br>સદ્બુદ્ધિ વર્ધિની શ્રી સરસ્વતિ મંત્ર સાધના<br>શ્રી કુમારપાળ મહારાજાની મહાઆરતી | ભા.સુ. ૨,વ્યાખ્યાન (કલ્પસૂત્ર)<br>૧૪ સ્વપ્ને મહોત્સવ તથા જન્મવાંચન<br>શ્રી મહાવીર વંદના – ગીત સંગીત સથવારે | ભા.સુ. ૩, વ્યાખ્યાન<br>શ્રી ગૌતમ સ્વામી અનુષ્ઠાન<br>શ્રી સીમંધર સ્વામીની<br>મહાવિદેહ ક્ષેત્રની ભાવયાત્રા | ભા.સુ. ૪, શ્રી ઋષભદેવ મહાઅભિષેક<br>ઋષભજિન પ્રિયતમ મ્હારો...<br>વ્યાખ્યાન<br>શ્રી આનંદધનજીના પ્રાચીન અમર પદોની<br>શાસ્ત્રીય સંગીતમય ભક્તિ) | ભા.સુ. ૫<br>બારસા સૂત્ર ગુજરાતીમાં<br>(સ્લાઈડ શો દ્વારા)<br>સંવત્સરિક પ્રતિક્રમણ<br>રત્નાકર પરિચસી દ્વારા સંગીતમય સંવેદના... | ભા.સુ. ૬<br>દ્વાર ઉદ્ઘાટન<br>સમુહ ક્ષમાપના/તપસ્વી પારણા/<br>રાત્રે પારણાનું જાગરણ |

**દર વર્ષની જેમ આ વર્ષે પણ લાભ લેનારા સર્વે દાતાશ્રી પરિવારો તથા મુંબઈથી અને દેશ–દેશાવરથી માદરે વતન પર્યુષણ પર્વ ઉજવવા પધારનાર સર્વે ગામવાસીઓ, નિયાણી બહેનોનો ખૂબ ખૂબ આભાર.**

# હેમચંદ્રાચાર્ય

**(ઈ.સ. ૧૦૮૮ - ૧૧૭૨)**



ગુજરાતી, હિંદી વગેરે ભાષાઓના ઉદ્‌ગમની દષ્ટિએ ઘણું મહત્ત્વ ધરાવતું 'અપભ્રંશ વ્યાકરણ' વિદ્વાન જૈન મુનિ હેમચંદ્રાચાર્યે રચ્યું છે. એમના 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નામના બૃહત વ્યાકરણગ્રંથના છેલ્લા, આઠમા અધ્યાયનો એક અંશ 'અપભ્રંશ વ્યાકરણ' છે. હેમચંદ્રાચાર્યે કાવ્યાનુશાસ્ત્ર, છંદાનુશાસન, ચિંતામણિ (શબ્દકોશ), વૈદક નિઘંટુ, વીતરાગસ્તોત્ર, યોગશાસ્ત્ર વગેરે ઘણા ગ્રંથો લખ્યા, તેમાં એમને કીર્તિના શિખરે પહોંચાડતો ગ્રંથ છે 'સિદ્ધહેમશબ્દાનુશાસન'. ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહ અને હેમચંદ્રાચાર્યના નામ પરથી તેનું નામાભિમાન થયું છે અને ટૂંકમાં તેનું 'સિદ્ધહેમ' નામ પણ પ્રચલિત છે. 'અપભ્રંશ વ્યાકરણ' ગુજરાતી ભાષાનો ઊંડો અભ્યાસ કરનાર માટે ઘણો મૂલ્યવાન છે. વળી તેમાં શાસ્ત્રીય દષ્ટિએ ઘણાં ઉદાહરણો આપ્યાં છે. એ પદ્યમાં છે ને સાહિત્યદષ્ટિએ ઘણી ઊંચી ગુણવત્તાવાળાં છે, તેથી વ્યાકરણ જેવો શુષ્ક વિષય રસિક બન્યો છે. એટલું જ નહીં, આ ઉદાહરણોમાં તત્કાલીન સમાજજીવનનીયે ઝાંખી થાય છે.

ધંધૂકાના ચાચિંગશેઠ અને પાહિણી શેઠાણીના પુત્ર, ચાંગો - ચાંગદેવ, એમનું તેજસ્વી સ્વરૂપ અને બુદ્ધિપ્રતિભા જોઈને એ સમયના પ્રખ્યાત જૈન આચાર્ય દેવચંદ્રસૂરિ ધર્મના ઉદ્ધાર માટે એમને દાનમાં માગીને લઈ ગયા, દીક્ષા આપી, નામ આપ્યું સોમચંદ્રમુનિ. એમણે સંસ્કૃત, પ્રાકૃત-અપભ્રંશ ભાષાઓ, શાસ્ત્રગ્રંથો અને દર્શનોનો અભ્યાસ કર્યો. આ ભાષાઓનાં વ્યાકરણ તો એમને જીભને ટેરવે હતાં. એમણે ઉત્તમ સર્જનાત્મક સાહિત્યનું પરિશીલન કરીને એમાં પણ વિદ્વત્તા પ્રાપ્ત કરી. ગુરુએ એમને 'આચાર્ય'ની પદવી અને 'હેમચંદ્રસૂરિ' નામ આપ્યું. રાજા સિદ્ધરાજના અવસાન પછી ગાદીએ આવેલા કુમારપાળે એમને ગુરુપદ આપ્યું અને 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ આપ્યું.

જૈન સાધુઓના આચાર-ધર્મ અનુસાર હેમચંદ્રાચાર્ય પગપાળા વિહાર કરતા રહેતા, તેથી એમને લોકજીવન અને લોકસાહિત્યનોયે પરિચય થતો. કેટલાક વિદ્વાનો માને છે કે આપણી ભાષાનું પ્રાચીનમાં પ્રાચીન કાવ્યસ્વરૂપ આ ઉદાહરણોમાં આપેલાં પદ્યમાં છે.

**- જયા મહેતા**

## વિદ્વાન રસજ્ઞનો ગ્રંથમણિ : સિદ્ધહેમશબ્દાનુશાસન

પ્રિયતમ શામળો છે, પ્રેયસી છે ચંપકવર્ણી
જાણે કસોટીના પથ્થર પર સુવર્ણની રેખા પડી.

❀

જો મોટાં ઘર પૂછતાં હો, તો ઓ રહ્યાં મોટાં ઘર;
નિરાશ જનોના ઉદ્ધારક મારા કંથને
ત્યાં ઝૂંપડીમાં જુઓ.

❀

જો મારા પ્રત્યે સસ્નેહ રહી હશે, તો અત્યારે તે મરી ગઈ હશે; જો તે જીવતી હોય, તો મારા પ્રત્યે નિઃસ્નેહ હશે; આમ બંને પ્રકારે પ્રિયા ગઈ જ છે; તો હે દુષ્ટ મેઘ, હવે વ્યર્થ શા માટે ગર્જે છે?

સાગરનું એટલું એ જળ, ને એવડો એ વિસ્તાર!
પળ મોટેયે તરસનું નિવારણ ન થાય,
તે કેવળ નકામો ધૂધકારા કરે છે!

❀

હે તરુવર, તારાથી ત્યજાયેલાં તોયે પાંદડાનું પાંદડાપણું નાશ પામતું નથી, જ્યારે જો તારી છાયા હોય તો તે ગમે તેમ પણ એ પાંદડાંને લીધે જ.

❀

એક શાંતિનાથ તીર્થંકર વિના જગતભરમાં કોણ એવો છે જે સકળ પૃથ્વીને જીતી લઈને પછી ત્યજી દઈ શકે છે, ને તપ કરવાનું સ્વીકારીને પાળી શકે છે? *(અનુ. હરિવલ્લભ ભાયાણી)*

*શુકન છે અબઘડી સારા જરા એને વધાવી જો, મળેલી ભાગ્યરેખામાં ય શ્રદ્ધાને જગાવી જો.*
*નથી હિસાબ કરવો કે મળ્યું શું ને ગુમાવ્યું શું, બચ્યું જે હાથમાં તારા તું એને બસ બચાવી જો.*

# કરમનું પોટલું

- ગિરીશ ગણાત્રા



અઠવાડિયે માંડ રવિવારની એક રજા મળે, રજાને દિવસે ભાવતાં ભોજન મળે ને પેટ ભરીને, ઠાંસીઠાંસીને જમ્યા પછી ગરમીના દિવસોમાં માથે પંખો ફરતો હોય, બારીમાંથી પવનની મીઠી મીઠી લહેરખી આવતી હોય ને આંખના પોપચા પર મણ મણનાં પડ બંધાઈ ગયાં હોય ને એવે વખતે કોઈ બારણું ઠોકીને જગાડે તો.... ?

વાત કંઈક આવી હતી.

કૉલેજમાં ભણતાંભણતાં ને સાથે નોકરી કરતા ત્રણેક વિદ્યાર્થીઓએ રાજકોટમાં એક ડેલીબંધ ઘર ભાડે રાખ્યું હતું. નોકરી કરતા વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રૂમ ન મળે એવો નિયમ હતો. એટલે આવા વિદ્યાર્થીઓ ઘર ભાડે રાખીને જ ભણતા. કોઈ લોજનો માસિક પાસ કઢાવી લેતા. રવિવારે લોજમાં એક જ ટાઈમ જમવાનું મળતું એટલે મિષ્ટાન સાથે ફરસાણ પણ હોય. એ દિવસે જમવાનું પણ મોડું થતું. આમેય, સવાર-સાંજનું સાથે જમવાનું હોય એટલે વિદ્યાર્થીઓ મોડે મોડે જ જમવા જાય. આ ત્રણેય વિદ્યાર્થીઓ બપોરે અઢી વાગ્યે જમીને ઘરે આવ્યા ત્યારે ઊંઘવાનો ભવ્ય કાર્યક્રમ ઘડીને જ આવ્યા હતા. ડેલીને સાંકળ ચડાવીને જેવા પથારીમાં પડ્યા અને ઊંઘના આવરણાથી બરાબર ઘેરાયા ત્યાં ડેલીના દરવાજા ખખડ્યા.

પરાણે ઊઠીને એક જણાએ ડેલીનો દરવાજો ખોલ્યો તો વાસણવાળી બાઈ, માથે સૂંડલો. એમાં સ્ટેઈનલેસ સ્ટીલનાં ચળકતાં વાસણો. એક ખભે જૂનાં કપડાંનું પોટલું ભરાવેલું.

''કાંઈ જૂના કપડાં આપવાનાં છે, ભાઈ'' વાસણવાળી બાઈએ કહ્યું. ''જૂની સાડી-સાડલા, ચણિયા, પેન્ટ-શર્ટ, છોકરાંઓના કપડાં....''

''અરે આ તો વાંઢા-વિલાસ છે.'' વિદ્યાર્થીએ ચિડાઈને કહ્યું ''અહીં સાડી-ચણિયા ન મળે. બધાય વિદ્યાર્થીઓ છે, સમજી. ચાલતી પકડ. નકામી રવિવારની ઊંઘ ખરાબ કરી....''

''મને શું ખબર બાપુ કે તમે બધા ભણતા છોકરાઓ છો ? સારું, સારું. ઊંઘો તમતમારે નિરાંતે. હવે નહિ ખખડાવું....''

વાસણવાળી બાઈએ રાંક સ્વભાવનું દર્શન કરાવ્યું.

ત્યાં આ વિદ્યાર્થીના મનમાં ચમકારો થયો. આ બાઈએ મારી ઊંઘ બગાડી, તો હવે એનો બાકીનો દિવસ બગાડું તો ખરો ! એટલે એણે હળવેકથી કહ્યું :

''આ બાજુની ડેલીમાં જા. ત્યાં વસતારી કુટુંબ છે. ત્યાં તને ગાંસડી ભરીને કપડાં મળશે....''

''સારું સારું ભઈલા. હવે પાણી પીવું'તું તે ત્યાં જઈને પી'શ.''

''ત્યાં પાણી નહિ, ચા મળશે'' કહી વિદ્યાર્થીએ ધડાક કરતી ડેલી બંધ કરી દીધી. બાજુની ડેલીવાળાં બહેન આ લતામાં પંકાયેલા હતા. બહુ જ ઝઘડાળું સ્વભાવનાં. 'કાં લડ, નહિ તો લડવાવાળો દે' એ કહેવતને પુરેપુરી સાર્થક કરનાર. કચકચિયો ને ચીડિયો સ્વભાવ. આજુબાજુવાળા બધાય એનાથી ત્રાસી ગયેલા. એના સ્વભાવને કારણે મકાનમાલિકે પણ ક્યારનુંયે એને ઘર ખાલી કરવાનું કહી દીધેલું. પેલો વિદ્યાર્થી બાજુનું ઘર ચીંધી સૂઈ ગયો. સાંજે જ્યારે ઊંઘીને, ચા-પાણી પતાવી ફરવા જતા હતા ત્યાં પેલી વાસણવાળી બાઈ મળી.

''કાં, બાજુમાંથી કાંઈ મળ્યું ?''

''મળ્યું. બહુ જૂનાં કપડાં નીકળ્યા ત્યાંથી. બહેન બહુ કચકચિયાં હતાં એટલે કસીકસીને કપડાં આપી વાસણો લીધાં.''

*ચડાવ્યું ચાકડે જીવતર હવે ચિંતા શું કરવાની ? ઘડી લે ઘાટ મનમાન્યા પછી એને સજાવી જો.*
*ખુમારી પુષ્પની જુઓ હસે છે કંટકો વચ્ચે, સનાતન સત્ય આ સમજી પીડાને પણ પચાવી જો.*

''ત્યારે તો ચા-પાણી પણ મળ્યાં હશે....''

''અરે ચા તો ઠીક મારા ભઈલા, પણ સામે ચડીને ત્રણવાર પાણી માગ્યું તેય સંભળાવીને આપ્યું કે ડંકી ખેંચીખેંચીને કમર તૂટી જાય છે. બધાંય જરી ગયેલાં કપડાં નીકળ્યાં. કસીકસીને કપડાં આપ્યાં ને એને ગમતાં વાસણ પડાવી લીધાં. જતાં જતાંયે સૂંડલામાંથી પરાણે એક ડબોય ખેંચી લીધી. આખી સાંજ બગાડી નાખી એ બાઈએ....''

વિદ્યાર્થીઓ હસતાં હસતાં ફરવા જતા રહ્યાં.

વેર બરાબરનું વળ્યું હતું. હવે બન્યું એવું કે બે દિવસ પછી પેલી ઝઘડાંખોર બહેને પણ ઘર બદલી નાખ્યું. બધો સામાન-ઉચાળો ભરીને બીજે ક્યાંક રહેવા જતા રહ્યાં. હવે પેલા વિદ્યાર્થીઓને શાંતિ હતી. લડવા-ઝઘડવાનો, છોકરાંઓને માર-પીટનો કે ઘાંટાઘાટના અવાજો હવે બંધ થઈ ગયા. 'ભલું થયું ભાંગી જંજાળ' નો સૌએ રાહત-દમ લીધો.

પણ ચાર-પાંચ દિવસ પછી પેલી વાસણવાળી બાઈએ એક નવી જંજાળ ઉભી કરી દીધી! એ ઝઘડાખોર બાઈનું નવું સરનામું એને જોઈતું હતું. આડોશ-પાડોશના લોકો એનું નામ લેવા તૈયાર નહોતા ત્યાં એનું નવું સરનામું શોધી આપવાની મદદ શાના કરે? એટલે, વાસણવાળી બાઈ ગઈ પેલા વિદ્યાર્થીઓ પાસે!

''ભઈલા, બાપુ, એ બે'નના નવા ઘરનું સરનામું મને મેળવી આપો ને! ભગવાન તમારું ભલું કરશે.....''

''કાં! એના સરનામાની તને શી જરૂર પડી?'' એક વિદ્યાર્થીએ કહ્યું.

''લડવા-ઝઘડવાના પાઠ શીખવા હશે.'' બીજાએ ટકોર કરી.

''બાપલા, મશ્કરી કાં કરો? બહુ જરૂર છે. આજુ બાજુવાળા મદદ કરતા નથી તે હું કોને કહું? તમે છોકરાંઓ છો, તમે ગમે તે કરીનેય મેળવી શકો.... ભગવાન તમારું ભલું કરશે. મારે માથેથી પાપનું પોટલું ઊતરી જશે...''

''કેમ? એવું તેં શું કર્યું કે પાપનું પોટલું વળી બંધાઈ ગયું?''

''તે'દી એની પાસેથી જૂનાં કપડાં લીધા'તાં તે ગઈકાલે ઘરનાં અમે બધાં કપડાં છૂટાં પાડવા બેઠાં ત્યારે પાટલૂનના ચોર-ખીસામાંથી પાંસચો રૂપિયાની ઘડી વાળેલી નોટો નીકળી. એ એને પાછી દેવી છે...''

''રાખી લ્યે.'' એક વિદ્યાર્થીએ કહ્યું ''એ પૈસા તું રાખી લઈશ તો જરાયે પાપમાં નહિ પડે એની ગેરંટી હું તને આપું છું. એ બાઈના પાંચસો નહિ પણ પાંચ હજાર હોય તોય રાખી લેવા જેવા છે. એણે ઘણાંનાં લોહી પીધાં છે....''

''એના કરનું પોટલું એ ઊંચકે, મારા કરમનું હું. ગમે એમ કરીને એનું સરનામું શોધી આપો તો ભગવાન તમને પે'લે નંબરે પાસ કરી દેશે....''

પછી તો પેલા છોકરાઓએ દોડધામ કરી, નોકરી કરતા એના પતિનું સરનામું મેળવી આ બાઈને સાઈકલ પર બેસાડી, એને ઘેર લઈ ગયા ત્યારે ત્યાં પણ પેલાં બહેન કોઈ પડોશણ જોડે કચરો ફેંકવાની બાબતમાં લડી રહ્યાં હતાં! એણે પાંચસો રૂપિયાની ઘડી વાળેલી નોટ પાછી આપી ત્યારે એ ઝઘડાખોર બહેને સંભળાવ્યું પણ ખરું :

''સારું થયું કે પાછી આપવા આવી, નહિતર આ પૈસા તને પચત પણ નહિ....''

''ના, બેન, મને આ અણહકના પૈસા ન ખપે. એટલે તો આ ભાઈયુંની મદદથી તમારું ઘર શોધી તમને પાછા દેવા આવી. લ્યો ત્યારે હવે જાઉં...'' નહિ આભારનો એક શબ્દ, ન ચા-પાણીનો વિવેક.

''આટલા કૂચે મર્યા પછી તને શું મળ્યું? તે એને પાંચસો રૂપિયા પાછા આપ્યા તોયે તારો આભાર માનવાને બદલે તને સામે ચોંટી....''

''ભઈલા, ભગવાન પાસે મારી લાજ રહી ગઈ એટલે ઘણું. આ કપડાં કે દેખાવ આપણી લાજ નથી. આપણી નિયત જ આપણી સાચી લાજ છે. મારી લાજ ઢાંકી રહી એટલે મને સંતોષ..... તમે હવે ઉપડો. તમારે વાંચવાનું મોડું થતું હશે. હું તો કાપી નાખીશ મારો રસ્તો....''


સ્ટ્રીટ લાઈટના ઝાંખા પ્રકાશમાં દૂર દૂર જઈ રહેલો એ બાઈનો ઓળો મોટો ને મોટો થતો ચાલ્યો.

* * *

*નદી માફક સમંદરમાં સમાવું સાવ સહેલું છે, જરા બસ વીરડી થઈ જાતને રણમાં સમાવી જો.*
*જગતનો નાથ બેઠો છે બધાંને આપવા સારુ, અહમની પાઘડી છોડી અને મસ્તક નમાવી જો.*
*- પ્રફુલ્લ વોરા*

## ધર્મ સંદેશ-૧૦૩

રચયિતા : જયકાંત મોતા ઘાટકોપર (તેરા)
૯૮૧૯૯ ૨૮૩૮૨



### આડી ચાવીઓ -

૧) પ્રભુભક્તિની એક ક્રિયા (૫)
૩) જેમનું લાંછન સિંચાણો છે (૫)
૫) આ મળ્યા પછી જનમજનમના ફેરા મટે (૨)
૬) આમના સાતમાળના મહેલમાં દેવલોકથી રોજ ૯૯ પેટીઓ ઉતરતી (૪)
૮) અક્ષયનીધિ એ શું છે ? (૨)
૯) સવારનું પ્રતિક્રમણ (૨)
૧૦) — ની શાંતિ માટે ૧૨ નવકાર ગણો(૨)
૧૧) ધર્મ કરો, સમય નો — ન કરો (૨)
૧૩) આ સફેદ અને લાલ રંગની હોય(૨)
૧૫) બંધુ ત્રિપુટીનો વસવાટ જ્યાં છે તે જગ્યા (૩)
૧૮) આ તીર્થ ઉપર વસ્તુપાલ-તેજપાલની ટૂંક છે (૪)
૧૯) અતીત ચોવીસીના નમીશ્વરનું લાંછન(૩)
૨૦) મલ્લીનાથ ફક્ત એક — જાતીના તિર્થંકર હતા (૨)
૨૧) શ્રાવણ— તેરસથી પર્યુષણ પ્રારંભ થાય (૨)
૨૨) — તે સૌને ગમે (૨)
૨૪) સાધુ સાધ્વીઓની — નું શ્રવણ કરો(૨)
૨૫) આદ્રા બેસે પછી — નો ત્યાગ (૨)
૨૬) — તે તીર્થ (૨)
૨૭) ૨૦ વિહરમાન માંના એક (૪)
૨૯) આ સમયે ધર્મનું શ્રવણ નસીબદાર ને મળે (૩)
૩૦) ૨૦ વિહરમાન માંના ઇશ્વરસ્વામી ના પિતા (૪)
૩૧) આનું જવું અને મૃત્યુનું આવવું (૨)

### ઊભી ચાવીઓ -

૧) જિનાલયો (૨)
૨) જુનાગઢ પાસે આવેલ શીતલનાથ દાદાનું તીર્થ (૩)
૩) ચોખા (૩)
૪) પ્રથમ તિર્થંકરના પિતા (૪)
૬) શ્રી શત્રુંજય મહાતીર્થનું એક નામ (૫)
૭) એક પ્રકારની પૂજા (૨)
૧૨) સાધુ અને શ્રાવક સમાજને જોડતી એક પ્રથા (૨)
૧૪) અજાહરા પંચતીર્થીનું આદીનાથનું તીર્થ (૨)
૧૬) ઉત્તર ગુજરાતનું આદીનાથનું તીર્થ (૩)
૧૭) ચરિત્રનું એક ઉપકરણ (૪)
૧૯) એક જ્ઞાન (૨)
૨૦) ફૂલ પૂજા કરતા કેવળજ્ઞાન પામ્યા (૪)
૨૧) ધર્મનાથનું લાંછન (૨)
૨૩) માથાના હાડકા તૂટતા કેવળજ્ઞાન પામ્યા (૪)
૨૪) અભિનંદન સ્વામીનું લાંછન (૩)
૨૭) ૨૦ વિહરમાન માંના દેવપરાનું લાંછન (૨)
૨૮) પ્રભુને ચડાવેલ એક પવિત્ર દ્રવ્ય (૩)

ઉકેલ : આડી ચાવીઓ -
(૧) ચૈત્યવંદન (૩) અનંતનાથ (૫) મોક્ષ (૬) શાલીભદ્ર (૮) તપ (૯) રાઇ (૧૦) વિશ્વ (૧૧) વ્યય (૧૨) ધ્વજા (૧૫) તિથલ (૧૮) ગિરનાર (૧૯) મગર (૨૦) નારી (૨૧) વદ (૨૨) નમે (૨૪) વાણી (૨૫) કેરી (૨૬) તારે (૨૭) ચંદ્રાનન (૨૯) મરણ (૩૦) ગજસેન (૩૧) પ્રાણ

ઊભી ચાવીઓ -
(૧) ચૈત્યો (૨) વંથલી (૩) અક્ષત (૪) નાભિરાજા (૬) શાશ્વતગિરિ (૭) દ્રવ્ય (૧૨) યતિ (૧૪) ઉના (૧૬) થરાદ (૧૭) તરપણી (૧૯) મતિ (૨૦) નાગકેતુ (૨૧) વજ્ર (૨૩) મેતારજ (૨૪) વાનર (૨૭) ચંદ્ર (૨૮) નમણ

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ડોંબિવલી પશ્ચિમમાં કોપર ક્રોસ રોડ મધ્યે ચૌમુખ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી દ્વારા ડોંબિવલી પશ્ચિમના કોપર ક્રોસ રોડ ખાતે નિર્મિત શ્રી મુનિસુવ્રત સ્વામી ચૌમુખ જિનાલયનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૩-૫-૨૦૧૭ થી તા. ૩૦-૫-૨૦૧૭ દરમ્યાન રાખવામાં આવેલ છે. પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૮-૫ના સવારે.

### શ્રી લખલક્ષ્મી લુઠીયા જન સહાયક ફંડ દ્વારા પ્રેરીત પરબ શક્તિ સંજીવની સોસાયટી આયોજીત

અનાજ તથા મસાલાનું વિતરણ તા. ૨૭/૨૮ માર્ચના પરમ કેશવ બાગ, ઘાટકોપર ખાતે સંપન્ન થયું. ૨૧ વર્ષથી અવીરત અને સફળ ચાલતુ, આ વરસે પણ બહેનોએ મનમુકીને ખરીદી કરીને સફળ બનાવ્યો. ૨૬ બહનોને મોર્કેટીંગ, આત્મવિશ્વાસ, સેલ્સમનશીપ અને પગભર થવાનો પ્રયાસ આ મસાલા મેળામા થયેલ. નિઃશુલ્ક સ્ટોલ, જમવાની તથા બંન્ને દિવસ છાશ, ચા, કુલ્ફી નાસ્તાની વ્યવસ્થા પરબ સંસ્થા તરફથી કરવામાં આવેલ.

અનાજ, મસાલા, શરબત, પાપડ સ્ટોલ સાથે હોમમેડ વસ્તુઓએ જબરદસ્ત ચાહના મેળવી હતી. જેમા પેંડા, સુકવણી, પાપડ, બંગાલી મિઠાઈ, વિવિધ પ્રકારના અવનવા મસાલા, લાડુ, નાસ્તાની વ્યવસ્થા જ્ઞાતી બહેનોએ સ્વહસ્તે બનાવી ચખાડી બધાને તૃપ્ત કરીને ઓર્ડર્સ લીધા હતા.

### શ્રી શ્વેતામ્બર જૈન સંઘ - ખિરકીયા

અત્રે શ્રી નમિનાથ દાદાની શીતલ છાયામાં ૧૫મા ધ્વજા મહોત્સવ મહા વદી તેરસના ધામધૂમથી ઉજવાયો.

તા. ૨૨-૨ ના અઢાર અભિષેક રાખવામાં આવેલ. અભિષેક દરમ્યાન ચંદ્રદર્શન કરાવવાનો લાભ ક્રિશા પાર્થ સાંયા ભૂજ પરિવારે તથા સૂર્યદર્શનનો લાભ વેનીશા પરાગ પોલડીયા, જાલના પરિવારે લીધો તેમજ શ્રી શાંતિકળશનો લાભ શ્રીમતી હેમલતાબેન અશોક દંડ, વડાલા પરિવારે તથા અષ્ટપ્રકારી પૂજા શ્રી વેરશી વેલજી નાગડા પરિવારે લીધો.

તા. ૨૩-૨-૨૦૧૭ના સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. પૂજા દરમ્યાન ધ્વજા ચડાવવાનો લાભ ૮૧૮૧ મણમાં માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા હસ્તે શ્રી નરેશ ભવાનજી નાગડા પરિવારે લીધો.

ઢોલ શરણાઈના સૂરો અને ઘંટાનાદ, શાસ્ત્રોક્ત ઉચ્ચારો વચ્ચે શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ. બપોરના શ્રી સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ.

રાત્રે સંધ્યાભક્તિ રાખવામાં આવેલ. વિધિ વિધાન માટે શ્રી સંજયભાઈ તથા તેમની સંગીત મંડળી પધારેલ. જિનાયલની સુંદર સજાવટ તથા દાદાની ભવ્ય અંગરચના કરવામાં આવેલ.

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ - ચાલીસગામ

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. ની પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ. પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શને ટ્રસ્ટ ઘણાજ સામાજિક કાર્યો કરે છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય, તેમજ પાચોરા મા. દર શનિવારના ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય ચાલે છે પાણીની પરબ, જરૂરતમંદોને અનાજ વિતરણ, વૈદ્યકિય સહાયતા, મતિમંદ વિદ્યાલયમા છોકરાઓ માટે ભોજન એવા અનેક કાર્યો ચાલુ છે.

બુધવારના જમાડનાર દાતા : ૧) પ્રદીપ ખીમજી ગોસર (મુલુંડ), ૨) ચાંદની દિનેશ શાહ (વિદ્યાવિહાર), ૩) હિતેશ ભવાનજી શાહ (વિદ્યાવિહાર), ૪) અમિતભાઈ મહેન્દ્રભાઈ મોતા (નડિયાદ)

### મોટી સિંધોડી મધ્યે પર્યુષણ મહાપર્વની આરાધના

પર્યુષણ પર્વ તા. ૧૯-૦૮-૨૦૧૭ થી શરૂ થાય છે. તો એ પ્રમાણે વહેલાસર ટિકિટો કઢાવી જાણ કરવી. વિશેષમાં, સતત બીજા વરસે પણ પર્યુષણ પર્વ સાધર્મિક ભક્તિનો લાભ અ.સૌ. અનિતાબેન ભરતભાઈ લોડાયાએ લીધો છે. સ્થાનિકે

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

પુજારી લહેરચંદભાઈ લખમશી મૈશેરીની જગ્યાએ નવા પુજારી શ્રી બલવંતસિંહ ચૌહાણની નિમણુંક કરવામાં આવી છે. જેમનો મોબાઈલ નં. 7698381678.

### કોઈમ્બતુર નગરે મહાવીર જયંતી ઉજવણી

શ્રી કોઈમ્બતુર જૈન મહાસંઘના આયોજને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના સહયોગે. પ.પૂ. મુનિ પ્રવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની નિશ્રામાં ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક ઉજવાયો.

સવારના દેરાસરજીમાં મહાઅભિષેક થયેલ. ભવ્યાતિ ભવ્ય રથયાત્રાનો વરઘોડો નીકળેલ. પૂ. ગુરૂદેવનું માંગલિક પ્રવચન તથા સંસ્કૃતિક કાર્યક્રમ રહેલ.

સરકારી હોસ્પિટલમાં બધા દર્દીઓ માટે ફળો ના વિતરણનું આયોજન કરવામાં આવેલ. મહાસંઘ દ્વારા કોઈમ્બતુરમાં આવેલ. બધા અનાથ આશ્રમના બાળકો અને બધા વૃદ્ધાશ્રમના વૃદ્ધોને બપોરના સાધર્મિક ભક્તિની વ્યવસ્થા કરવામાં આવી હતી. બપોરના કોઈમ્બતુરની જેલમાં ૩૦૦ કેદીઓ સમક્ષ પૂ. મ.સા.નું પ્રવચન અહિંસા અને શાકાહાર પર રહેલ. ત્યાંના કેદીઓ પાસે પૂ.શ્રી એ માંસ તથા દારૂને બંધ કરવા એલાન કરેલ. જેને ઝીલીને સમસ્ત કેદીઓ સહિત જેલર અને Superintendent એ પ્રતિજ્ઞા લીધી.

આંયબીલની ઓળીમાં નવ દિવસ સવારના પૂ. મ.સા. એ નિયમિત પ્રવચન આપેલ અને પૂ. મ.સા.ની નિશ્રામાં આર.એસ. પુરમ દેરાસરજીમાં આંયબીલ ઓળીમાં ૬૦ જેટલા શ્રાવક શ્રાવિકાઓએ ઓળીની તપસ્યા કરેલ. સાંજના પરમાત્માની ભક્તિ ભાવના રહેલ.

અખાત્રીજ તા. ૨૮-૪-૨૦૧૭ ના તીરૂપુર નગરે પૂ. મુનિ શ્રી રાજશેખરસાગરજી મ.સા.ના પ્રથમ વરસીતપ તથા પૂ. મુનિ શ્રી ધર્મશેખર સાગરજી મ.સા.ના ચતુર્થ વરસીતપનું પારણું થશે.

### અનંતનાથજી કોમ્પલેક્સ (કાંજુરમાર્ગ)
### ચૈત્રમાસની નવરાત્રી દરમ્યાન

અનંતનાથજી કોમ્પલેક્સ (કાંજુરમાર્ગ) ચૈત્રમાસની નવરાત્રી દરમ્યાન દરરોજ રાત્રે મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવી હતી. સારી સંખ્યામાં ભાવિકોએ રમઝટ જમાવી હતી.

અનંતનાથજી મહીલા મંડળ દ્વારા ચૈત્રમાસની આયંબીલની ઓળી કરાવવામાં આવી હતી. લાભાર્થી : ૧) શ્રીમતી જીનલ રીતેશ લોડાયા (બાંઢીયા), ૨) સ્વ. રાયશી રતનશી મોમાયા (વરાડીયા), ૩) હંસકુમાર હીરાચંદ દૌલત (સુથરી), ૪) શા. દિલીપભાઈ જયચંદ મોતા (સુથરી), ૫) માતુશ્રી વિમલાબેન મોતીચંદ લોડાયા (નલીયા) ૬) માતુશ્રી કુંવરબાઈ વસનજી માયા (સુથરી), ૭) માતુશ્રી જયાબાઈ ચીમનભાઈ મૈશેરી (જખૌ), ૮) શ્રીમતી ચેતના હીતેશ મૈશેરી (મડઈ), ૯) સ્વ. ચીમનભાઈ શામજી મૈશેરી (જખૌ)

આયંબીલની વ્યવસ્થા માટે શા. સુરેશભાઈ પદમશી ધુલ્લાએ પોતાની રૂમ વાપરવા આપેલ.

**મુમુક્ષુ ભાવિબેન લોડાયાની દીક્ષા** (૧લા પાનાથી ચાલુ)

**સમ્યકજ્ઞાન પદની આરાધના :** પંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાદય, પાંચ કર્મ ગ્રંથ, ઈન્દ્રીય પરાજ્ય, વિતરાગ સ્ત્રોત વગેરે. **સમ્યક દર્શન પદની આરાધના :** શ્રી શત્રુંજય ગિરિરાજની બૈવખત નવાણું યાત્રા સમેત શિખરજી, શંખેશ્વર, ગિરનાર, કલ્યાણક ભૂમિઓ, રાજસ્થાન આદિ તિર્થોની સ્પર્શના. **સમ્યક તપ પદની આરાધના :** છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, જ્ઞાન પંચમી, નવ પદની ઓળીઓ, આદી. **સમ્યક ચારિત્ર્ય પદની આરાધના :** છેલ્લા ચાર વરસથી પૂ. ગુરૂદેવ સાથે રહી સામાયિક સહ ચારિત્ર્ય માર્ગની તપસ્યા.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

નાની વયે ધર્મ જીવનગાળી
સંયમ માર્ગને સ્વીકારનાર મુમુક્ષુ
કુ. ભાવિબેનને દિક્ષિત જીવનની
અભિનંદન સહ અનુમોદના...
– ચિમન મોતા • તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હરીશ વિરચંદ નાગડા**<br>(PS 4804) | બી-૫૦૧, શરમન રેસીડેન્સી, શાંતિનિકેતન-૩ ની સામે, વસ્ત્રાલ રિંગ રોડ,<br>વસ્ત્રાલ, અમદાવાદ - ૩૮૨ ૪૧૮. મો.: ૮૪૬૦૬ ૧૩૫૫૫ |
| **પદમ ઠાકરશી પોલડીયા**<br>(PS 856) | ૧૧૦૧/૧૧૦૨, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૮૨૦૪ ૧૩૧૪૧ |
| **શ્રીમતી સરોજ લાલજી મુનવર**<br>(PS 852) | ૧૭૦૪, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૮૩૩૧ ૫૦૫૩૮ |
| **પ્રતાપ લક્ષ્મીચંદ નાગડા**<br>(PS 878) | બી/૩, શ્રી રાજેશ્વરી, એમ. જી. રોડ, ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૦૬ ૬૭૬૩, મો.: ૯૮૨૦૩ ૮૧૩૨૧ |
| **કિરીટ કુંવરજી કુરૂવા**<br>(PS 802) | ૪૦૪, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **મનીષ આણંદજી લોડાયા**<br>(PS 826) | ૬૦૧-૬૦૨, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **માણેકજી કાનજી મૈશેરી**<br>(PS 1116) મો.: ૯૩૨૩૭ ૧૨૦૬૯ | ૨૦૩, બીજે માળે, શ્રી દીપ લક્ષ્મી કો.હા.સો., ભટ્ટીપાડા ક્રોસ રોડ,<br>નેશનલ હાઈસ્કૂલની સામે, ભાંડુપ (વે.), મુંબઈ-૪૦૦ ૦૭૮. |
| **નરેશ લક્ષ્મીચંદ સોની**<br>(PS 956) | ૧૨૦૫, બોડવર્ડ-૩, ૧૨મે માળે, ધી એડ્રેસ, વાધવા ગ્રુપ, આર-મૉલની સામે,<br>એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૬. મો.: ૯૩૨૨૬ ૬૬૨૧૬ |
| **પ્રવિણચંદ્ર કેશવજી પીર (લોડાયા)**<br>(PS 1094) | ૧૫, જીવન નિવાસ, ૧લે માળે, રામવાડી, વિષ્ણુ નગર, નૌપાડા,<br>દત્ત મંદિરની પાછળ, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૧. મો.: ૯૮૨૦૮ ૮૭૧૯૧ |
| **રતીલાલ નરશી છેડા**<br>(PS 6445) | ૬, શિવમ આઈકોનિક, કૉલેજ કૉર્નર રોડ, વાયા અપ્તા પોલીસ સ્ટેશન,<br>કૉર્પોરેશન બેંક પાસે, નૉર્થ શિવાજી નગર, સાંગલી-૪૧૬ ૪૧૬, મહારાષ્ટ્ર |
| **અલ્પેશ અશોક શાહ (સોની)**<br>(PS 2460) | C/o. રવિંદ્ર દેવાંગન, શંકર નગર વૉટર ટેન્કની સામે, શંકર નગર,<br>દુર્ગ-૪૯૧ ૦૦૧. મો.: અલ્પેશ ૦૭૬૯૭૬૦૨૩૬૬, ધનલક્ષ્મી ૦૯૬૬૯૫ ૭૭૨૬૬ |
| **નરેન્દ્ર નરશી મોમાયા**<br>(PS 5637) | ૨૦૧ અને ૩૦૧, ડિવાઈન પ્લેઝર, સરસ્વતી પુરમ, કુસુગલ રોડ, કેશવપુર,<br>હુબલી - ૫૮૦ ૦૨૩, કર્ણાટક. ફોન : ૦૮૩૬-૨૨૫૧૫૦૫, ૨૩૫૧૫૦૫ |
| **લાલજી માણેકજી લોડાયા**<br>(PS 5720) | શ્રી તિલકચંદ કુંવરજી રોડ, ગુરૂદેવ એપાર્ટમેન્ટની પાછળ, ગદગ - ૫૮૨ ૧૦૧,<br>કર્ણાટક. મો.: ૯૯૪૫૨ ૯૯૯૮૯ |
| **અતુલ ચીમનલાલ મોતા**<br>(PS 3344) | ૩૦૩, શિવાનંદ સુદામા કો.હા.સો., જીજાઈ નગર, ગોગ્રાસવાડી,<br>નામદેવ પથ, ડોમ્બીવલી (ઈ)-૪૨૧ ૨૦૧. મો.: ૯૬૧૯૨૮૨૦૯૬, ૯૫૯૪૮૧૨૮૩૦ |

## જીવનચક્ર

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૪-૧૭ | ડોમ્બીવલી | સ્મિત સુનીલ નાનજી સાવલા | બેરાજા | ૨૫ |
| | ડોમ્બીવલી | મિતલ નિતીન ભાયચંદ ધરમશી | રંગપુર | ૨૨ |
| ૧૩-૦૪-૧૭ | મલબાર હિલ | જય હિતેન્દ્ર માણેકજી કેશવજી મોતા | રાપર | ૨૫ |
| | હોંગકોંગ | આયના કેતનભાઈ કાંતીલાલ શાહ | જુના ડીશા | ૨૩ |
| ૧૪-૦૪-૧૭ | પૂના | વૈભવ વિજય મેઘજી લોડાયા | ગોરખડી | ૩૧ |
| | પૂના | નેહા રાજેન્દ્ર બંશીલાલ બનવત | પૂના | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૪-૧૭ | શિવરી | ભદ્રીચંદ મુલજી શાહ | સાંયરા | ૭૦ |
| ૧૦-૦૪-૧૭ | હૈદ્રાબાદ | કુલીન દેવજી સોની | વાંકુ | ૫૩ |
| ૧૧-૦૪-૧૭ | ડોંબીવલી | વેજબાઈ લાલજી ધરમશી | સાંધાણ | ૭૨ |
| ૧૨-૦૪-૧૭ | કલવા | રીટા ભરત ખીમજી મોતા | કુવાપધર | ૫૭ |
| ૧૩-૦૪-૧૭ | ઘાટકોપર | શાંતિલાલ કેશવજી ડાઘા | દલતુંગી | ૬૩ |
| ૧૪-૦૪-૧૭ | મુલુંડ | હસમુખ મણીબેન એલ. ધરમશી | જખૌ | ૫૮ |
| ૧૪-૦૪-૧૭ | ડૂમરા | પ્રેમિલાબેન મણીલાલ કેશવજી લોડાયા | સુજાપુર | ૫૪ |
| ૧૪-૦૪-૧૭ | પૂના | કીર્તિ દામજી ચત્રભોજ લોડાયા | સાંધવ | ૬૪ |
| ૧૪-૦૪-૧૭ | હૈદ્રાબાદ | મીનાબેન ચંદુલાલ લાપસીયા | દલતુંગી | ૭૦ |

# ॥ શ્રી વિમલનાથ ગૃહચૈત્ય ॥

## શ્રી અનંતનાથજી કોમ્પલેક્ષ, કાંજુરમાર્ગ આંગણે

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ કાંજુરમાર્ગ** દ્વારા આયોજીત

## ગૃહચૈત્યે પ્રતિષ્ઠા પ્રસંગે ત્ર્યાહ્નિકા મહોત્સવે સસ્નેહ નિમંત્રણ

**મહોત્સવ પ્રારંભ :**
વિક્રમ સંવત ૨૦૭૩ વૈશાખ સુદ ૯,
ગુરૂવાર, તા. ૦૪-૦૫-૨૦૧૭

**પાવન પ્રતિષ્ઠા દિવસ**
વિક્રમ સંવત ૨૦૭૩ વૈશાખ સુદ ૧૧,
શનિવાર, તા. ૦૬-૦૫-૨૦૧૭

| | |
|---|---|
| તા. ૦૪-૦૫-૨૦૧૭ | સવારના શ્રી વિમલનાથ ભગવાન/પરિકર નગર પ્રવેશ, કુંભ સ્થાપના, અખંડ દિપક, જવારા રોપણ, નવગ્રહ પાટલા પૂજન, ૧૦ દિક્‌પાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન • પ્રભુજીની આંગી રાત્રિ ભક્તિ ભાવના |
| તા. ૦૫-૦૫-૨૦૧૭ | પુજ્ય ગચ્છાધિપતિ શ્રી સહ આચાર્ય ભગવંતો શ્રમણ-શ્રમણીવૃંદનો ભવ્યાતિભવ્ય પ્રવેશ સવારે ૭.૦૦ કલાકે • સવારે ૯.૦૦ કલાકે ગુરૂભગવંતોનો માંગલિક પ્રવચન-શ્રવણ, પ્રતિષ્ઠા મહોત્સવના શ્રી પરિકરની પ્રતિષ્ઠા, શ્રી વિમલનાથ દાદાની પ્રતિષ્ઠા, શ્રી ધ્વજદંડની પ્રતિષ્ઠા - પ્રથમ ધ્વજા સાથે, શ્રી કળશની પ્રતિષ્ઠા વગેરેના ચડાવા. |
| તા. ૦૬-૦૫-૨૦૧૭ | સવારના શુભમુહૂર્તે વિમલનાથ ભગવાનની પ્રતિષ્ઠા • લઘુશાંતિ સ્નાત્ર પુજન |

**મુંબઈ પધારેલા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. સહ સર્વે અચલગચ્છીય આચાર્યોનું મહાનગરના પ્રવેશદ્વાર સમ મુલુંડ નગરે ભવ્યાતિભવ્ય સામૈયું થયું હતું.**











C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (17-04-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# વડોદરામાં મહાવીર જયંતિની ઉજવણીમાં ગુજરાતના મુખ્ય પ્રધાન શામેલ થયા





શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહાસંઘ વડોદરા દ્વારા રવિવાર તા. ૯-૪-૨૦૧૭ના આયોજીત મહાવીર જયંતિના કાર્યક્રમમાં ગુજરાતના મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણી મહત્વની અતિથી રૂપે પધાર્યા હતા. જ્ઞાતિના યુવા આગેવાન ભાવેશ લોડાયાએ આયોજક યુવા મહાસંઘના આગેવાન તરીકે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

## વેવાઈશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલી

:જન્મ દિવસ:
તા. ૯.૧૦.૧૯૪૭



:અરિહંત શરણ:
તા. ૨૮.૩.૨૦૧૭

**શ્રી હિરાચંદ રતનશી દંડ**

(ગામ-લાલા, હાલ-ઘાટકોપર)

જેની મહેક સદાય જગતમાં પ્રસરતી રહે,
એવું જીવન જીવી જનારા આત્મિયજન...
શ્રી હિરાચંદભાઈને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલી...

લિ.

માતુશ્રી ગુણવંતીબેન માણેકજી મોમાયા (નલીયા-મુલુંડ)
શ્રીમતી મંજુલાબેન દિનેશભાઈ મોમાયા (નલીયા-મુલુંડ)
શ્રીમતી અમિતાબેન અતુલભાઈ મહેશ્વરી (સાંધાણ-અમદાવાદ)

## ધન્ય તમારો શ્રમણી વેશ લેવાનો મનોરથ, જીવનમાં ઘુંટાય ધર્મ પદારથ !



**મુમુક્ષુ કુ. ભાવિબેન**

ધન્ય પિતા : **રાજેનભાઈ** અને માતા : **હિનાબેન**
(સાંચરા - ઘાટકોપર)

*જીવનને સાર્થક કરે ધર્મ અને સંયમ,*
*જીવનને ધન્ય કરે સાધ્વી જીવનના નિયમ,*
*'પુણ્ય બળે સર્વોચ્ચ દશા પામે આપની પ્રવજ્યા..*
*આપને સહજ સત્કારે તત્વ પરમ !*

**માતુશ્રી બાંઈયાબાઈ હેમરાજ શામજી**
**વિસરીયા પરિવાર ફાઉન્ડેશન**
**ટેલીકાસ્ટ ગ્રુપ ઓફ કંપનીઝ**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,